CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 34 ● અંક : ૩૦
તા.૦૭-૦૩-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ ફાગણ વદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૮ સૂર્યાસ્ત : ૦૬:૪૫

તાપમાન: ડીસા ૩૫.૯ | અમદાવાદ ૩૫.૧ | ગાંધીનગર ૩૫.૨ | વડોદરા ૩૬.૪ | સુરત ૩૬.૮ | નલિયા ૩૭.૨

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# બોટાદ પાસે જાનૈયાઓની ટ્રક ખાબકી : ૩૨ના મોત

## ટાટમ ગામે જતી જાનની ટ્રક બ્રીજ પરથી ૨૫ ફુટ નીચે ખાબકી : સમગ્ર રાજયમાં ઘેરા શોકની લાગણી : મૃત્યુ પામેલાઓમાં ૧૦ મહિલા અને ૫ માસુમ બાળકોનો સમાવેશ : ઇજાગ્રસ્તો પૈકી અનેકની હાલત હજુ ગંભીર




અમદાવાદ

ગુજરાતના ભાવનગર જિલ્લામાં રંઘોળા ગામ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાતા મોટી ખુવારી થતાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે. ભાવનગર રાજકોટ હાઈવે પર આજે રંઘોળા ગામ પાસે જાનૈયાઓને જઇ રહેલી એક ટ્રક બ્રીજ પરથી નીચે નાળામાં ખાબકતાં વરરાજાના માતા-પિતા, ભાઇ-ભાભી અને દાદી સહિત કુલ ૩૨ જાનૈયાઓના મોત નીપજતાં સમગ્ર રાજયભરમાં ઘેરા શોક અને માતમનો માહોલ પથરાઇ ગયો હતો. પાલિતાણાના અનિડા ગામે રહેતા પ્રવીણભાઇ વાઘેલાના પુત્ર વિજયના લગ્ન માટે બોટાદના ટાટમ ગામે જાન જઇ રહી હતી એ દરમ્યાન જ ટ્રક બ્રીજ નીચેથી નાળામાં ખાબકી હતી, નાળામાં પાણી નહી હોવાથી ટ્રક નીચે પથ્થરોમાં જોરદાર ધડાકાભેર પછડાઇ હતી અને આ ગમખ્વાર અને ભલભલાના કાળજા કંપાવી દે તે પ્રકારના સર્જાયેલા અકસ્માતમાં બે બાળકો સહિત ૩૨ જાનૈયાઓ અકાળે કાળનો કોળિયો બની ગયા હતા અને ૩૫થી વધુ લોકોને વત્તા ઓછા અંશે ઈજા થઇ હતી. જાનૈયાઓ અને બંને પક્ષના કુંટુંબીજનો માટે મંગળવાર જાણે અમંગળ-વાર બની રહ્યો હતો. સમગ્ર દુર્ઘટનાની જોરદાર કરૂણતા તો એ હતી કે, આટલા મોટા અકસ્માત છતાં વરરાજા અને અન્ય લોકોને પરિવારજનોને મોતથી અજાણ રાખીને પણ બિલકુલ સાદગીથી છેલ્લી ઘડીયે લગ્ન સંપન્ન કરાયા હતા.

### મૃતકોના પરિવારને ૪ લાખની સહાય આપવા જાહેરાત

ભાવનગરના ઉમરાળા તાલુકાના રંઘોળા ગામ નજીક ગંભીર માર્ગ અકસ્માતની ઘટનામાં ગુજરાત સરકારે તરત જ કાર્યવાહી હાથ ધરી છે. ગંભીરરીતે ઘાયલ થયેલાઓને તાત્કાલિક સારવાર મળે તથા જરૂર પડે ત્યારે ન્યુરોસર્જનથી માંડી અન્ય ખાનગી હોસ્પિટલોની પણ સેવા લઇને ઈજાગ્રસ્તોને બચાવવા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પોતે સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં રહ્યા છે. બચાવ કામગીરી અંગે પણ માહિતી મેળવી રહ્યા છે. આ સમગ્ર ઘટના અંગે વિધાનસભા ગૃહમાં શૂન્યકાળ દરમિયાન ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ માહિતી આપી હતી. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી તાકિદની કાર્યવાહી અંગે પણ વિગતો આપી હતી. ગૃહરાજ્યમંત્રી જાડેજાએ કહ્યું હતું કે, પાલિતાણાના અનેડા ગામથી જાનૈયાઓને લઈને ટ્રક બોટાદ તરફ જઇ રહી હતી ત્યારે ઉમરાળા તાલુકાના રંઘોળા ગામ નજીક વહેલી પરોઢે પુલપરથી ટ્રક નીચે ખાબકી ગઈ હતી.

## વિચાર વૈભવ...

### ગુલાબ

એક ગામમાં એક બહેન ખૂબ ઈર્ષાળુ હતા. એ બધાંની ઈર્ષ્યા કર્યા કરે..અર્થાત્ આખો દિવસ ઈર્ષ્યાની આગથી બળ્યા કરે.

એક વખત ગામમાં એક સંત પધાર્યા.. ખૂબ વિખ્યાત.. મહા ચમત્કારી... અત્યંત પ્રભાવી.

બહેનના પતિદેવે પોતાની પત્નીની ઈર્ષ્યાની વાત કરી..

સંતે બે- ચાર દિવસ પછી એક દિવસ પોતાના પ્રવચનમાં કહ્યુંઃ 'તમને જેના પ્રતિ ઈર્ષ્યા હોય અને એ વ્યક્તિને સીધો દોર કરવો હોય તો મારી પાસે એક ચમત્કારી પ્રક્રિયા છે. જો તમારે એ મહાપ્રભાવી પ્રક્રિયા જોઈતી હોય તો હું તમને બતાવું?'

સૌએ હકારમાં માથું હલાવ્યું.

સંતે કહ્યુંઃ 'તો ધ્યાનથી સાંભળો. તમારે લોકોએ આજે ગામ બહાર પશ્ચિમ દિશામાં રહેલા પહાડ પર જવાનું. ત્યાંથી તમારે મોટા- મોટા પથ્થર લેવાના.. તમને જેટલી વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા હોય એટલા પથ્થર લેવાના. વળી ઈર્ષ્યા જે પ્રમાણમાં હોય એવડા મોટા પથ્થર લેવાના. ત્યારબાદ એ પથ્થરની ઝોળી બનાવી તમારા શરીર સાથે બાંધી દેવાની.. સૂતાં- બેસતાં ઊઠતાં- ચાલતાં- ખાતાં- પીતાં હરહંમેશ એ પથ્થરની ઝોળી સતત ને સતત બાંધેલી જ રાખવાની, પુરા નવ દિવસ સુધી એ ઝોળી શરીર સાથે બાંધેલી રાખવાની.. ૧ મિનિટ માટે પણ જો એ ઝોળીને અલગ કરી તો પ્રયોગ નિષ્ફળ જશે. અથવા તો એ ફરીવાર કરવો પડશે. તો જાઓ... કરો ફતેહ...'

અને સૌ લોકો ત્યાંથી ઉપડ્યા ગામ બહાર પશ્ચિમ દિશામાં રહેલા પહાડ તરફ.

પહાડ પર પહોંચી સૌ પથ્થર ભેગા કરી કરીને ઝોળી બનાવી પોતાના ગળે ટીંગાડવા માંડ્યા.

કોઈને બે- ચાર તો કોઈને આઠ- દસ વ્યક્તિ પર ઈર્ષ્યા હતી તો તેઓએ તેટલા પથ્થર ઝોળીમાં ભરીને શરીર સાથે બાંધ્યા.

જ્યારે એ બહેનને તો ગામની લગભગ દરેક વ્યક્તિ સાથે ઈર્ષ્યા વણાયેલી હતી. તેણીએ સૌથી વધુ પથરા શરીર સાથે બાંધ્યા.

મોટા વજનદાર પથરા.. પહાડી પથરા... લોકોનું શરીર દુખવા માંડ્યુ.. એક- બે દિવસમાં તો સૌએ પથરા ફેંકી દીધા.

પેલાં બહેન પણ થાકયા હતા પણ ઈર્ષ્યા ભયંકર હતી. તેણીએ પથરા ન ફેંકયા..

પણ છેવટે ચોથે દિવસે તો તે ય થાકી..

સંત પાસે જઈને તે બોલીઃ 'મહાત્માજી! આ પથરા તો બહુ ભારે પડે છે.'

સંતે વસંતઋતુમાં ખીલેલી વનરાજી સમા હાસ્ય સાથે કહ્યુંઃ' તો પથરા નીચે મૂકી દે..'

અને ધડામ કરતાં બહેને પથરાની ઝોળી નીચે નાંખી દીધી અને બોલીઃ 'હાશ, હવે શાંતિ થઈ.'

ત્યારે સંતે કહ્યુંઃ 'જોયું, ઈર્ષ્યાના પથરા નીચે નાંખી દેવાથી કેટલી હળવાશ અનુભવાય છે. જો ઈર્ષ્યાનો બોઝ તું તારા મનમાંથી કાઢી નાંખીશ તો તું સદાકાળ ઉષાકાળ જેવી પ્રસન્નતાને અનુભવી શકીશ.'

- પં.રાજહંસવિજયજી ગણિ

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં

## સ્વચ્છતા સામે દુર્લક્ષતા : ભાજપી નગરસેવકોની જ પીપુડી વાગતી નથી

### રોગચાળો ફાટી નિકળવવાની દહેશત વ્યક્ત કરતા ભાજપી નગરસેવકોએ જ બાંયો ચડાવી

**પી.એમ.ના સ્વચ્છ ભારત અભિયાન વચ્ચે શહેર નર્કાગાર**


સંજય જોષી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા ખુદ વડાપ્રધાન મોદીના સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડાવી રહી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ખુદ ભાજપી નગરસેવકોએ જ સફાઈ સામે દુર્લક્ષતા સેવાતી હોવાના આક્ષેપો સાથે પાલિકા સામે મોરચો માંડ્યો છે. રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવતા ભાજપી નગરસેવકોએ તાકીદે લડબી નાળાની સફાઈની માંગ કરતી લેખિત ચીમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

અનુસંધાન પાના નં.૬

### ભાજપી નગરસેવકોએ જ નારાજગી દર્શાવી

ભાજપ શાસિત પાલનપુર પાલિકા માં કરોડો રૂપિયાના આંધણ બાદ પણ સ્વચ્છતા સામે દુર્લક્ષતા સેવાઈ રહી છે. અને લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે ખુદ ભાજપી નગરસેવક એવમ સ્ટ્રીટ લાઈટ કમિટી ચેરમેન અતુલ ચોકસી, ચીમનલાલ સોલંકી અને હેતલબેન રાવલે લોકોની વ્હારે ચડી પોતાના જ પક્ષની પાલિકા સામે બાંયો ચડાવતા પાલિકા તંત્ર સહિત ભાજપ છાવણીમાં ચકચાર મચી ગઈ છે.

પૂર દરમ્યાન શાળાની પ્રોટેક્શન દીવાલ અને શૌચાલય નાશ પામ્યા હતા પરંતુ તંત્રએ શાળા સામે હજુ જોયું નથી

## તંત્રના પાપે સુવિધા અને સુરક્ષા વગરની ધાનેરા મિશ્ર શાળા નં. ૧ની વરવી વાસ્તવિકતા

મોતના ઓછયા હેઠળ શિક્ષણ મેળવતા ૧૨૦૦ ગરીબ બાળકો ભણવાનું છોડે તો નવાઈ નહિ

એન.કે.મોદી




તા.પ્રતિનિધિ ધાનેરા

એક એવી પ્રાથમિક શાળા બતાવશું કે જયાં ધોરણ ૧ થી ૮ માં ૧૨૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે ભણાવ આવતા તમામ બાળકોને વિનવી પડે છે દારૂ ની ખાલી બોટલો આ શાળા માં સુરક્ષા અને સુવિધાનો ખુબજ અભાવ જોવા મળી રહ્યો છે રાત પડે આ શાળા બની જાય દારૂડિયાઓનો અડ્ડો આ બાબતે શાળા ના આચાર્ય એ પણ રજૂઆત પણ કરી છે છતાં પણ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે હવે વાલીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર ધ્વરા કાર્યવાહી કરવામાં નહિ આવે તો અમે અમારા બાળકો ભણવા નાહીએ મૂકીએ ,,,,શું છે સમગ્ર મામલો જોઈએ આ અહેવાલમાં ધાનેરા ની મિશ્ર શાળા નંબર ૧ કે જ્યાં ૧ થી ૮ ધોરણ માં ૧૨૦૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે અભ્યાસ અર્થે આવતા તમામ બાળકો ને પહેલા તો દારૂ ની બોટલ વીણવી પડે છે અને તે બાદ જ તેમનો અભયાસ શરુ થાય છે આ શાળા ની વરવી વાસ્તવિકતા ની વાત કરવામાં આવે તો ૨૦૧૭ માં ભયાનક પૂર આવ્યું હતું અને પૂર માં શાળાને મોટા પાયે નુકશાન થયું હતું અને શાળા ડેમેજ થઇ હતી શાળા ની આજુ બાજુ ની પ્રોટેક્શન દીવાલ પણ પૂરના પાણી માં તણાઈ ગઈ હતી પૂર આવ્યા ને આજે ૮

અનુસંધાન પાના નં.૬

### શાળાના આચાર્ય શું કહે છે ?



ધાનેરા પ્રા.શાળાના આચાર્ય અને પગાર કેન્દ્રના મુખ્ય અધિકારી ગૌરવભાઈ સોલંકીનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ કે કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે અગાઉ વહીવટી તંત્રને જાણ કરેલ તેમજ ગત તા.૫/૩/૧૮ ના રોજ પણ જાણ કરી જણાવેલ કે જયારે પૂર આવેલ તે દરમ્યાન સરકારી દસ્તાવેજો વગેરે તણાઈ ગયેલ અને આજે આઠ માસ થવા આવ્યા છતાં તંત્ર દ્વારા કોઈ જ કામગીરી કરવામાં ન આવતાં દારૂડીયા તત્વોનો ત્રાસ વધી ગયેલ છે. રાત્રે આ સ્કૂલમાંથી અગાઉ શાળાના તાળાંઓ તૂટેલ સદભાગ્યે કંઈ જ ન હતું તેવા રૂમોના તાળાં તૂટયા હતા શાળાના કોમ્પ્યુટરો પણ પાણીમાં નાશ પામેલ છે. વારંવાર ધ્યાન દોર્યું છતાં વહીવટી તંત્ર તરફથી કોઈ જ કામગીરી થઈ નથી.

## ડીસામાં દક્ષિણ પીઆઈના વર્તન સામે વકીલો હડતાલ પર

ભરત સુંદેશા



ડીસા

ડીસામાં મંગળવારે બાર એસોસિયેશનના વકીલો હડતાળ પર ઉતર્યા હતા. એસોસિયેશનના વકીલોએ ડીસા દક્ષિણ પોલીસ મથકના પી.આઈ આર.આર.સિંઘલ વકીલો સાથે ગેરવર્તન કરતા હોવાના આક્ષેપ સાથે હડતાલ પર ઉતર્યા હતા.

ગત મંગળવારે ડીસા કોર્ટના બાર એસોસિયેશનના વકીલોની બેઠક યોજાઇ હતી. દરમિયાન ડીસા દક્ષિણ પોલીસ મથકના પી.આઈ આર આર સીંઘાલ એડવોકેટ સાથે ગેરવર્તન કરતા હોવાના કારણે વકીલોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો ત્યારે ગત મંગળવારે ડીસા બાર એસોસિએશનના તમામ વકીલો ડીસા દક્ષિણ પોલીસના પી.આઈ. સામે રોષ ઠાલવ્યો હતો ઉપરાંત તેઓએ બુધવાર સુધી હડતાળ પર ઊતરવાનું નિર્ણય કર્યો હતો. ત્યારે આ મામલે એડવોકેટ દર્શન ઠક્કરે જણાવ્યું હતું કે મારા માતાના પાસપોર્ટ વેરિફિકેશન માટે હું દક્ષિણ પોલીસ મથકે ગયો હતો આ દરમિયાન પીઆઈએ મારી પાસેથી મારી માતા કોઈ ગુનાની પ્રવૃત્તિમાં સંકળાયેલી ના હોવાની સર્ટીની રજૂઆત કરવા જણાવ્યું હતું જોકે મેં જણાવ્યું હતું કે સર્ટી આપવાની કાયદામાં આવી કોઈ જોગવાઈ નથી તેમ જણાવતા મને ધમકી આપી હતી અને અભદ્ર વર્તન કર્યું હતું.

સાબુમાં સાબુ છે એક જ વતન




વર્ધમાન માર્કેટીંગ કું.
નાણાવટી એસ્ટેટ, ચકુડીયા મહાદેવ સામે, રખિયાલ, અમદાવાદ-૨૩.
વતનના ઉત્કૃષ્ઠ ઉત્પાદનોના વેચાણ માટે ખાલી પડેલ જગ્યાઓએ ડીલર નીમવાના છે.
કન્ઝ્યુમર વસ્તુઓના વેચાણ માટે અનુભવી સેલ્સમેનની જરૂર છે.
વ્યાપારી પૂછપરછ માટે • Ph.: 9099223000 , 9099590909

વર્ષોની પરંપરા... આતુરતાનો અંત...
આવી રહી છે રખેવાળની વાર્ષિક લવાજમ યોજના ટુંક સમયમાં જ...

CMYK

## સૂર્યોદય - ૬.૫૮ સૂર્યાસ્ત - ૬.૪૫

## તિથિદર્શન

ફાગણ વદ ૬ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ફાગણ વદ :છઠ્ઠ બુધવાર નક્ષત્ર: વિશાખા રાત્રે ૧૦.૩૪ પછી અનુરાધા યોગ :વ્યાઘાત કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.)સાંજે ૪.૧૦ પછી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### પંડિતે યેવ મૂર્ખે ચ બલવત્યપિ દુર્બલે ઈશ્વરે ચ દરિદ્રે ચ મૃત્યોસ્સર્વત્ર તુલ્યતા

'વિદ્વાન હોય કે પછી મૂર્ખ, બળવાન હોય કે નિર્બળ, શ્રીમંત હોય કે દરિદ્ર, મૃત્યુ તો સર્વને સરખા જ ગણે છે.' સંસાર- વ્યવહારમાં અને સમાજમાં જાત - પાત, ધનવાન- ગરીબ અને ઊંચ -નીચને કારણે માનવીઓ - માનવજાત સાથે જ માનવતા ભૂલીને- ભેદભાવ ઊભા કરી, ગમા- અણગમા, સ્પર્શ- અસ્પૃશ્ય, પવિત્ર- અપવિત્રની દિવાલો ઊભી કરે છે. પ્રાણીમાત્ર જે જીવંત છે, શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા કરે છે તે તમામ જીવ- જંતુ, પ્રાણીઓ, કોડી- શંખલાં જેવા જીવથી અંગૂઠા જેવડો જ હોય છે. એને પરિણામે બધાં જ પ્રાણી ચેતનવંતા રહે છે. અને આ જીવ જયારે શરીર છોડી દે ત્યારે માત્ર ખોળિયું રહે છે, જે થોડા જ કલાકમાં 'ગંધ' મારવા લાગે છે.

મૃત્યુનો દેવ ન્યાયી છે. જયારે- જેના શ્વાસોનો સમય પૂર્ણ થાય (ઈશ્વરે દરેકને કેટલા શ્વાસ લેવાના છે તેની સંખ્યા નિશ્ચિત કરીને જ મોકલ્યા છે.) કે તરત જીવ શરીરને છોડી દે. યમરાજને બધાં પ્રાણી એકસમાન છે. ત્યાં ભેદભાવ, લાગવગ, દબાણ, ઓળખાણ કંઈ જ કામ આવતું નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યવસાયિક કાર્યોમાં લાભ થાય. મકાન, વાહન જેવી વસ્તુની ખરીદી થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)કૌટુંબિક જીવનમાં આનંદ રહે. આવકમાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)મનમાં મૂંઝવણ અનુભવાય. અટકી-અટકીને કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.)મનમાં ચિંતા રહે. વિલંબથી કાર્યમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.)બઢતીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે નવું આયોજન થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)મિત્ર વર્ગથી વિશ્વાસઘાત ન થાય તે માટે સાવધ રહેવું. નાણાંકીય ખર્ચનો પ્રસંગ બને.**
**તુલા : (ર.ત.)ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. પ્રવાસ-મુસાફરીના યોગ છે.**
**વૃશ્ચિક : (ન.ય.)આળસ ન કરવી હિતાવહ. લાભની તક સરી ન જાય તે જોવું.**
**ધન : (ભ.ફ.ધ.) જીવનસાથીથી સ્નેહ રહે. આકસ્મીક મુસાફરી થાય.**
**મકર : (ખ.જ.)જીવનસાથીના સહકારથી સમસ્યાનો ઉકેલ મળે. ખર્ચના પ્રસંગમાં વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.)સંતાનથી લાભ થાય. માંગલિક કાર્યમાં સફળતા મળે.**
**મીન : (દ.ચ.જ.થ.)નાણાંકીય વ્યવહારોમાં સંભાળવું. નોકરી-ધંધામાં મતભેદ સર્જાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

આયુર્વેશાસ્ત્રને પૂરેપુરૂ પચાવનાર અનેક પુસ્તકોના લેખક, સંશોધક, વૈદરાજ શ્રી જાદવજી આચાર્યની પુણ્યતિથી છે.

શ્રી યાદવજી આચાર્યનો જન્મ ઈ.સ.૧૮૮૨માં પોરબંદરમાં થયો હતો. એમની પ્રતિમા બહુમુખી હતી છતા આયુર્વેદ ક્ષેત્રને અજવાળી ગઈ. એમણે આયુર્વેદ દીપિકા સહિત ચરકસંહિતાનું પણ નિર્માણ કર્યું.

જામનગરમાં આયુર્વેદિક કોલેજમાં સંશોધન કર્યું. સંદર્ભ પુસ્તક 'પ્રકાશન' વિષયવાર પાઠપુસ્તકોનું લેખન જેવી અનેકવિધ વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર હતા.ગરીબ દર્દીઓને તેમજ વિદ્વાન વ્યકિતઓને તો મોંઘામાં મોઘી દવાઓ પણ મફત આપતા.

તા. ૭-૩-૧૯૫૬ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા સમૃદ્ધ.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૭.૦૩.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**
**તા. ૦૬.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૨૬ પોઈન્ટ :-**
**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૨૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૨૦૨ પોઈન્ટ થી ૧૦૧૮૮ પોઈન્ટ, ૧૦૧૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૯૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**
**તા. ૦૬.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૪૨૯ પોઈન્ટ :-**
**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૬૪૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૭૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૩૯૩ પોઈન્ટ થી ૨૪૩૩૩ પોઈન્ટ, ૨૪૩૦૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC લિમિટેડ (૧૭૭૪) :- ફાઇનાન્સ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૪૪ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૮૭ થી રૂ.૧૭૯૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૯૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૧૭૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૬૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૬૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૯૨ થી રૂ.૧૨૦૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ACC લિમિટેડે (૧૫૮૫) :- રૂ.૧૫૭૦ નો પ્રથમ તેમજ રૂ.૧૫૫૭ ના બીજા સપોર્ટથી સિમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૫૯૭ થી રૂ.૧૬૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૧૦) :- PSU ઓઈલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૨૩ થી રૂ.૯૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**HCL ટેક્નોલોજી (૯૩૩) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૯૧૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક PSU ઓઈલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૯૪૨ થી રૂ.૯૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ઇન્દસિન્દ બેન્ક (૧૬૯૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્કિંગ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૭૧૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૮૬ થી રૂ.૧૬૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**કોટક બેન્ક (૧૦૮૧) :- રૂ.૧૦૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૦૮ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૭૩ થી રૂ.૧૦૬૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૧૨ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ઇન્ફોસિસ (૧૧૫૦) :-ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૧૭૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૧૩૭ થી રૂ.૧૧૩૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એશિયન પેઈન્ટ્સ (૧૧૦૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૧૧૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૦૮૭ થી રૂ.૧૦૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ટેક મહિન્દ્રા (૬૧૬) :- રૂ.૬૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૦૩ થી રૂ.૫૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૫૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## કંબોઈ ગાયત્રી વિદ્યાલય ઉ.મા.શાળા ખાતે ધો.૧૦ અને ૧૨નો વિદાય સમારંભ યોજાયો

પ્રતિનિધિ કંબોઈ

આજ રોજ કંબોઈ શ્રી કંબોઈ વિભાગ કેળવણી મંડળ સંચાલિત. ગાયત્રી વિદ્યાલય ઉ.મા શાળાના ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થી ઓ નો વિદાય સમારંભ કાંકરેજ ધારાસભ્ય શ્રી કિર્તિસિંહ વાઘેલા ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમ ની શરૂઆત થળી મહંત ૧૦૦૮ શ્રી જગદીશપુરી મહારાજ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની શરૂઆત કરેલ અને શાળા ના વિદાયમાન વિધાર્થી ઓ ને તેમના જીવનમાં ખુબજ પ્રગતિ કરે અને તેમના જીવન માં આગળ વધે તેવા આશીર્વાદ આપ્યા હતા.

કાંકરેજ ધારાસભ્ય શ્રી કિર્તિસિંહ વાઘેલાયે ગાયત્રી વિધ્યાલય માં પોતાની ગ્રાંટ માં થી શાળા માં રૂમ માટે રૂ.પાંચ લાખ રૂમ માટે આપવાની જાહેરાત કરી હતી, અને વિદાય લેતા વિદ્યાર્થી ઓ ને આશીર્વાદ આપ્યા હતા. મહેમાનોનું સ્વાગત પ્રવચન


સજજનસિંહ સોલંકી

શાળા ના આચાર્ય માલસિંહ જાદવે કર્યુ હતું. આ શુભેચ્છા સમારંભમાં કાંકરેજ મામલતદાર શ્રી સજજનસિંહ ચૌહાણ, કરણસિંહજી સોલંકી પ્રમુખ કંબોઈ વિભાગ કેળવણી મંડળ, કાનજી સોલંકી, વિનુભા સોલંકી, પ્રમુખ અખિલ ગુજરાત યુવા રાજપૂત સંઘ કાંકરેજ તાલુકા, ગોપાલસિંહ સોલંકી સદસ્ય જી.પ. બી.કે., દેવુસિંહજી સોલંકી વેણિદેવસિંહ સોલંકી મંત્રી કંબોઈ વી.કે.મંડળ અને ગામ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગામ લોકો એ દાન ની સરવાણી વહેડાવી હતી.

## ભૂકંપ જેવી આપત્તિ કે દૂર્ઘટના સંદર્ભે ઉચ્ચ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઇ

પાલનપુર

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ગાંધીનગર ધ્વારા ભૂકંપ જેવી આપત્તિ કે દૂર્ઘટના સંદર્ભે અસરગ્રસ્ત લોકોને ઝડપથી રાહત અને બચાવની તથા જરૂરી તમામ સહાય આપવા વિશે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના ચીફ એકઝીકયુટીવ ઓફીસર અને પ્રિન્સીપલ સેક્રેટરી મેડમ અનુરાધા મલ્લ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નવી દિલ્હીના મેજર જનરલ શ્રી વી.કે.દત્તા સાથે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઇ હતી. જેમાં અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, જામનગર, કચ્છ, પાટણ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી સુદ્રઢ આયોજન અને પુરતી તૈયારી રાખવા જણાવ્યું હતું.

વિડીયો કોન્ફરન્સ ધ્વારા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના ચીફ એકઝીકયુટીવ ઓફીસર અને પ્રિન્સીપલ સેક્રેટરી મેડમ અનુરાધા મલ્લે ભૂકંપ સહિત કોઇપણ દૂર્ઘટના બને ત્યારે અસરગ્રસ્ત લોકોને કેવી રીતે ઝડપથી રાહત અને બચાવની તેમજ જરૂરી સહાય આપવી તે અંગે વિસ્તૃત માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. જિલ્લાઓમાં ઈન્સીડેન્ટ રિસ્પોન્સ સિસ્ટમ (આઇ.આર.એસ.) અને ઈન્સીડેન્ટ રિસ્પોન્સ ટીમ તૈનાત અને સજ્જ રાખવા તેમણે વિસ્તૃત માર્ગદર્શન અને સુચના આપી હતી. આ અંગે જિલ્લાઓમાં ટીમ પાસે ઉપલબ્ધ સુવિધાઓ અને આયોજનની તેમણે સમીક્ષા કરી હતી. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી નવી દિલ્હીના મેજર જનરલ શ્રી વી.કે.દત્તાએ જિલ્લાના અધિકારીઓને ભૂકંપ સહિત કોઇપણ દૂર્ઘટના વખતે શું કામગીરી કરી અસરગ્રસ્તોને ઝડપથી સહાય આપી શકાય તે અંગે પ્રેઝન્ટેશન અને ઉદાહરણ સહિત સરસ માર્ગદર્શન આપ્યુ હતું. આ અંગે જિલ્લાકક્ષાએ પૂર્વ આયોજન કરી જરૂરી તૈયારી રાખવા અંગે પણ શ્રી દત્તાએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં રાહત નિયામક અને સંયુક્ત સચિવશ્રી (મહેસૂલ) શ્રી એ.જે.શાહ સહિત ઉચ્ચ અધિકારીઓ અને જિલ્લાકક્ષાએ કલેકટરશ્રીઓ સહિત વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ચિત્ર શિક્ષક સેમીનાર યોજાયો



ડીસા

રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તક, ગુજરાત રાજય લલિતકલા અકાદમી અને સાબર યુવા કેન્દ્ર હિમતનગર સંચાલિત ગુજરાત રાજય ચિત્ર શિક્ષકો માટેની તાલિમી શિબિરનું લીંબાચીયા ધર્મશાળા અંબાજીના વિશાળ ભવનમાં સુંદર આયોજન થયું. આ તાલિમી સેમિનારમાં ગુ- જરાતભરમાંથી જુદા-જુદા જિલ્લાઓના લગભગ ૫૦ થી વધારે ચિત્ર શિક્ષકોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું.

ઉદઘાટન સત્રમાં અંબાજીના સરપંચ રામ અવતાર અગ્રવાલ, લીંબાચીયા ધર્મશાળા ટ્રસ્ટના મંત્રી સોમાભાઈ લીમ્બાચીયા કુશળ ઈજનેર ધીરજભાઈ લીંબાચીયા વહીવટી અધિકારી આશિષ ભાઈ ચૌધરી, શિબિર સંચાલક પ્રકાશભાઈ વૈધ, ચિત્રકાર નાથાલાલ બ્રહ્મ ક્ષત્રિય, રજનીભાઈ ત્રિવેદી, યોગેશભાઈ જોષી વગેરે મિત્રોએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મૂક્યો.

પ્રથમ સત્રમાં તજજ્ઞ તરીકે નાથાલાલ બ્રહ્મક્ષત્રિય દ્વારા ક્રિયેટીવીટી ઓફ આર્ટ વિષયનું સુંદર માર્ગદર્શન અપાયું. ચાર દિવસ ચાલનારી આ શિબિર માટે રહેવા, જમવા તથા ચિત્ર સર્જન માટે જરૂરી સામગ્રીની વ્યવસ્થા કરવા બદલ તાલિમી ચિત્ર શિક્ષ- કોએ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી ગાંધીનગરના સંયોજકો તથા લીંબાચીયા ધર્મશાળા અંબાજીના ટ્રસ્ટી ગણનો આભાર વ્યક્ત કર્યો હતો.

## રાધે ઈન્ટરનેશનલ સ્કૂલ ભાભરમાં ધો-૧૦ અને ૧૨ નો વિદાય સમારંભ યોજાયો


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ગત તા.૫/૩/૧૮ ના રોજ રાધે સ્કુલ ભાભરમાં ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વિદાય આપવામાં આવી હતી. વિદાય કાર્યક્રમમાં શાળનાં ટ્રસ્ટી બાબુભાઈ ત્રાંબડીયા રઘુરામભાઈ જોષી શાળાનાં આચાર્ય નિતિનભાઈ રાવલ અને શિક્ષકો હાજર રહ્યા હતા.

વિદાય લેતા બાળકોને આત્મવિશ્વાસ કેળવાય તે માટે બાબુભાઈ ત્રાંબડીયા અને હરેશભાઈ સુથારે માર્ગદર્શન આપ્યું હતું. વિદાય લેતા બાળકોએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. અને બાળકોએ હસત્વ મુખડે વિદાય લઈ આગળ ખૂબ પ્રગતિ કરશું તેવો વિશ્વાસ વ્યક્ત કર્યા હતો.

## પાલનપુર ખાતે બ.કાં.જિલ્લાનું સંસ્કૃત સંમેલન યોજાયું

પાલનપુર

સંસ્કૃત ભારતી દ્વારા સમગ્ર દેશમાં સંસ્કૃત ભાષાના પ્રચાર પ્રસાર અને સંસ્કૃત ભાષા જન ભાષા બને તે હેતુથી દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાના સંમેલનો યોજાઈ રહ્યાં છે. તે અંતર્ગત તાઃ ૪/૩/૨૦૧૮ ને રવિવારે સંસ્કૃત ભારતી - બ.કાં. દ્વારા જિલ્લાનું સંસ્કૃત પ્રેમીઓ કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું. પાલનપુર- વિદ્યામંદિર, પરિસરમાં આવેલ નવિનચંદ્ર ડી. મોદી ભવનમાં યોજાયેલ આ સંમેલનના અધ્યક્ષ સ્થાને સંતશ્રી પૂ.અમરદાસજી બાપુ (વિરપુર આશ્રમ) ઉપસ્થિત રહ્યા હતા. જયારે મુખ્ય મહેમાન અને ગણમાન્ય અતિથિ તરીકે પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ અને સંસ્કૃત ભારતી- ગુજરાતના પૂર્વાધ્યક્ષ ગીરીશભાઈ ઠાકર ''ગુરુ'' તથા વિદ્યામંદિર ટ્રસ્ટના નિયામક હસમુખભાઈ મોદી ખાસ ઉપસ્થિત હતા. આજના મુખ્ય વક્તા ડૉ. ભાવપ્રકાશ ગાંધી (પ્રાચાર્ય, સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગાંભોઈ, હિંમતનગર) પ્રસંગોચિત વક્તવ્ય આપી કાર્યકર્તાઓ અને ઉપસ્થિત સર્વનો ઉત્સાહ વધાર્યો હતો. સંસ્કૃત માધ્યમમાં યોજાયેલ આ કાર્યક્રમમાં સંસ્કૃત વસ્તુ પ્રદર્શન, સંસ્કૃત વિજ્ઞાન પ્રદર્શનની પણ ગોઠવવામાં આવી હતી જેનો અનેક લોકોએ લાભ લીધો.

કાર્યક્રમનો શુભારંભ દિપ પ્રાગટ્ય અને વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યો. શાળા- કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ગરબા, નૃત્ય, અભિનય, સંસ્કૃત ફિલ્મી ગીતો, સંવાદ જેવા સંસ્કૃત ભાષામાં સાંસ્કૃતિ કાર્યક્રમે શ્રોતાઓમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું!

સમગ્ર બ.કાં. જિલ્લામાંથી અનેક કાર્યકર્તાઓ, સંસ્કૃત ભાષા પ્રેમીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્કૃત ભારતીની બ.કાં.ની સમગ્ર ટીમ એમાંય પાલનપુર નગરની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

જેમાં મયુરભાઈ રાજગોર, દીપકભાઈ જોષી, મુકેશભાઈ જોષી, ભરતભાઈ કણઝરીયા, ડૉ.ભાનુભાઈ પટેલ, નિકેશભાઈ રાવલ, મેઘનાબેન મોદી, નરેશસિંહ વગેરેએ વિશેષ યોગદાન આપી કાર્યક્રમને સુંદરતા સાથે સફળ બનાવ્યો હતો.

## ડીસા ખાતે તા.૧૦ માર્ચના રોજ રાજ્ય મંત્રીના અધ્યક્ષસ્થાને કૃષિ મેળો યોજાશે

પાલનપુર

કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ અંતર્ગત ખેડૂત તાલીમ કેન્દ્ર, ડીસા અને એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) ડીસાના સંયુક્ત ઉપક્રમે તા.૧૦/૩/૨૦૧૮, શનિવારના રોજ સિંચાઇ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઇ પટેલના અધ્યક્ષસ્થાને ડીસા એ.પી.એમ.સી. ખાતે કૃષિ મેળો યોજાશે. જેમાં બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને વૈજ્ઞાનિક અને ટેકનોલોજીની નવી સંશોધિત જાણકારી આપવામાં આવશે.

આ મેળામાં કૃષિ ઈનપુટસ, સાધનો, ઓજારો, સૂક્ષ્મ પિયત પધ્ધતિ અને અનેક કૃષિલક્ષી પ્રવૃત્તિઓનું પ્રદર્શન અને માર્ગદર્શન યોજવામાં આવનાર છે. તો આ કૃષિ મેળામાં ભાગ લઇ આધુનિક ઓજારો અને ખેત પધ્ધતિઓ વિશે માહિતગાર થવા ખેડુત મિત્રોને નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) ખેડૂત તાલીમ કેન્દ્ર ડીસા ધ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## વિદેશની ધરતી ઉપર ભારતનું ગૌરવ પ્રાપ્ત કરનાર ડીસાના વિદ્યાર્થીનું સન્માન

ડીસા

ડીસા સર્વોદય વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી ચિરાગ વાસુદેવ ઠક્કરે ભારતના વિવિધ શહેરોમાં દેવયોગા ગૃપ દ્વારા યોગશિબિરો, બાળકોના બુદ્ધિ કૌશલ્ય માટે અને વયો વૃધ્ધો માટે શિબિરો કરી છે. તેમજ ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં માનવસેવાની પ્રવૃત્તિ કરી છે. તા.૨૬-૨૮ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ મલેશિયા ખાતે યોજાયેલ છઠ્ઠા ઈન્ટર નેશનલ યોગ મહોત્સવમાં ભાગ લઈ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી ડીસા તેમજ ભારતનું ગૌરવ વધારેલ છે. જે બદલ ડીસા ખાતે સહયોગ સેવા ટ્રસ્ટ દ્વારા વિવિધ મહાનુ ભાવોની ઉપસ્થિતિમાં ચિરાગ ઠક્કરનું ફુલહાર, શાલ તેમજ સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## શ્રી વિવેકાનંદ ઉ.બુ. વિધાલય રાહમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ

પ્રતિનિધિ રાહ

થરાદ તાલુકાના રાહ ખાતે આવેલી શ્રી વિવેકાનંદ ઉ.બુ.વિધાલયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ડો સી.વી.રામન ઈફેક્ટની શોધની યાદમાં દર ૨૮ ફેબ્રુઆરીના દિવસ વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. આ ઉજવણી ના ભાગ રૂપે શાળાના તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપરાંત શાળાકીય વિજ્ઞાન પ્રદર્શનમાં વિવિધ વિભાગમાં કૃતિઓ રજુ કરી હતી. વિજ્ઞાન પ્રદર્શન ની ઉજવણીની શરુઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ રાહ ગામના સરપંચશ્રી મેઘાભાઈ તથા તાલુકા પંચાયતના સદસ્યશ્રી જગદીશભાઈ પ્રજાપતિએ રીબીન કાપીને વિજ્ઞાન પ્રદર્શન ખુલ્લું મૂકી શાળાના તમામ બાળકો ઉપરાંત આજુબાજુ ની શાળાના બાળકો પણ વિજ્ઞાન પ્રદર્શન નિહાળવા આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી યાજ્ઞિક સાહેબના માર્ગદર્શન હેઠળ તથા શાળાના સિનિયર વિજ્ઞાન શિક્ષકશ્રી એસ.એન.આચાર્ય નેતૃત્વ હેઠળ સમગ્ર સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનું યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમ નું આયોજન શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

## આદિપુર ખાતે ૫૫ મી વિવિધ રાઈફલ શૂટીંગ સ્પર્ધા યોજાઈ

ડીસા

ગાંધીધામના સ્થાપના દિન નિમિત્તે કચ્છની સૌથી જુની અગ્રગણ્ય શૂટીંગ કલબ ખુશાલ રાઈફલ કલબ દ્વારા આદિપુર ખાતે દર વર્ષે યોજાતી ૫૫ મી વિવિધ કક્ષાની રાઈફલ શૂટીગ સ્પર્ધાનું આયોજન સંસ્થાના પ્રમુખ નરસિંગ અગ્રવાલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. આ સ્પર્ધામાં સંકુલના વિવિધ શૂટર્સોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ પ્રસંગે ડે.કમાંન્ટંડ નેગી, ડીવાએસ પી વાઘેલા ગા- ંધીધામ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન ગણાત્રા, જીડીએના પૂર્વ ચેરમેન મધુકાંત શાહ તેમજ સુરેશ નિહાલાણી ઉપસ્થિત રહ્યા હતા અને સ્પર્ધકોનો ઉત્સાહ વર્ધન કરેલ. ઉપસ્થિત મહાનુભાવોને હસ્તે ગત વર્ષ ૨૦૧૭ માં યોજાયેલ સ્પર્ધાના વિવિધ વિજેતાઓને મેડલ તેમજ પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવેલ.

૦૨૨ રાઈફલની સ્પર્ધમાં પ્રથમ હરદેવદાન ગઢવી, દ્વિતિય દિપક ગંધાણી તૃતિય ઈનાયતખાન પઠાણ વિજેતા થયેલ. ફાઈવ શોટ સ્પર્ધામાં ભાઈઓમાં પ્રથમ હરદેવદાન ગઢવી, દ્વિતિય ચંદનાની, તૃતિય હરિરાજ ચુડાસમા અને બહેનોમાં પ્રથમ પ્રિયકા પ્રજાપતિ દ્વિતિય અલિશા ચૌહાણ જયારે ચોક બેક્રીગમા દિલુભા ગઢવી વિજેતા થયેલા હતા. એર રાયલ સ્પર્ધા ભાઈઓમાં પ્રથમ હરિરાજસિંહ ચૂડાસમા દ્વિતિય રાજેશ જાગીડ તૃતીય ચંન્દ્રદિપ કાનગડ બહેનોમાં પ્રથમ મીનાબા ચૂડાસમા દ્વિતીય પલક અગ્રવાલ, અંડર ૧૯ ભાઈઓમાં પ્રથમ ચંદ્રજિતસિંહ ચૂડાસમા દ્વિતીય અંશ ગુપ્તા ત્રુતીય જય સોની, બહેનોમાં પ્રથમ જાન્વ્હી પીનારા દ્વિતીય અવીશા ચૌહાણ તૃતીય પલકસી ડાંગર તથા એર પિસ્તોલ ભાઈઓમાં ઈનાયતખાન પઠાણ દ્વિતીય ચંન્દ્રદિપ કાનગડ તૃતીય મોહિત બારીયા બહેનોમાં પ્રથમ પલક અગ્રવાલ અંડર ૧૯ બહેનોમાં પ્રથમ તનીશા ચૌહાણ, દ્વિતીય અવીશા ચૌહાણ તૃતીય લકસી ડાંગર તથા ૨૨ રિવોલ્વોરમાં પ્રથમ તનીશા ચૌહાણ દ્વિતીય ઈનાયતખાન પઠાણ તૃતીય રાજેશ જાંગીડ થયા હતા.

સ્પર્ધક શૂટર્સોનો જુસ્સો વધારવા મોટી સંખ્યામાં દર્શકો ઉપસ્થિત રહ્યા હતા.

## કાંચી મઠના આચાર્ય પૂજ્યશ્રીજયેન્દ્ર સરસ્વતી બ્રહ્મલિન થતાં ડીસામાં શ્રધ્ધાંજલી સભા યોજાશે

ડીસા

તા.૨૮/૦૨/૨૦૧૮ નો દિવસ સનાતન હિન્દુ સમાજ માટે ગહરા અઘાતનો સૂર્ય લઈને ઉગ્યો હતો. કાંચી કામકોટી પીઠના આચાર્ય જયેન્દ્રસરસ્તીજી બ્રહ્મલિન થયા હતાં. પૂ.સ્વામીજી ના બ્રહ્મલિન થયા બાદ તા.૭/૩/૨૦૧૮ ના રોજ પ્રાર્થનાખંડ, આદર્શ હાઈસ્કુલ, મુ.ડીસા ખાતે સનાતન વૈદિક ધર્માનુરાગી ટ્રસ્ટના તત્વાવધાનમાં હિન્દુ હિત રક્ષા સમિતી, ડીસા, સહયોગ સેવા ટ્રસ્ટ-ડીસા, સંસ્કાર મંડળ- ડીસાના સંયુક્ત ઉપક્રમે શ્રધ્ધાં- જલિ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## ભૂતપૂર્વ સી.આર.સી.નું ઓડપુરા શાળા દ્વારા સન્માન



ડીસા

આજના દિવસે શાંત સભામાં નાનકડી અમારી ઓડપુરા(છ) પ્રા.શાળામાં ભૂતપૂર્વ સી.આર.સી. છનિયાણા કે.ડી.મોદીનું સન્માન કરવામાં આવ્યું.તેઓએ લગભગ દશકાથી વધુ સમય અવિરત હૂંફાળું માર્ગદર્શન અને શૈક્ષણિક સૂચનો, તરકીબો આપી. તેમનામાં સમસ્યાઓને સુલઝા વવાની અને વહીવટની બારીક કુનેહને કારણે આજે પણ અમારા હૃદયમાં બિરા- જે છે. તેઓ નિષ્ઠાવાન અને આત્મજ્ઞાની વ્યક્તિ છે.આવા અમારા અપેક્ષાહિન, અહમશૂન્ય વ્યક્તિનું ચાંદીની પાલી, ચાંદીનો દીપક શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. છતાં અમે તેમને સન્માનવામાં કશું નથી કરી શક્યા તેવી લાગણીનો અહેસાસ થાય છે.

# તંત્રી સ્થાનેથી ...

## આફતના સમયે ધીરજ નહીં ગુમાવવી જોઈએ

## વિકાસ માટે ફાળવાતી ગ્રાંટોનો સદુપયોગ થવો જ જોઈએ

રાજ્યમાં મ્યુનિ. કોર્પોરેશન, નગરપાલિકાઓ તેમજ ગ્રામ પંચાયતો, આમ આ તમામ સંસ્થાઓ દરેક પ્રકારના કરવેરા ઉઘરાવે છે. ખાસ કરીને પીવાનું પાણી અને સુવિધાપૂર્ણ માર્ગો માટે અબજોની લ્હાણી થાય છે. દરેક સંસ્થા લોકો પાસેથી નિયમ મુજબ કરવેરા ઉઘરાવે છે. જેથી સંસ્થાનો વહીવટ નિયમિત ચાલી શકે.

મ્યુનિ. કોર્પોરેશન રોડ ટેક્સ વસુલ કરે છે પરંતુ દર ચોમાસામાં કરોડો રૂપિયાથી બનાવેલા પાકા ડામરના રોડ કેવી રીતે બિસ્માર બની જતાં હશે? તૂટેલા રોડને ક્યારેય નવો ઓપ આપવામાં આવતો નથી. માત્ર થીગડાંથી રોડ નવા જેવો લાગે તેવી કામગીરી કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી હોય છે. માત્ર થીગડાં મારી સંતોષ વ્યક્ત કરતું તંત્ર હકીકતમાં જનતાને છેતરી રહી છે.

ગુજરાતના મહાનગર એવા અમદાવાદનું મ્યુનિ.તંત્ર હમણાં હમણાં ચર્ચાની ચકડોળે ચડ્યું છે, અને આ તંત્ર પર વાહન ચાલકો કે પછી શહેરીજનોને કોઈપણ જાતનો ટ્રસ્ટ રહ્યો નથી. સમયની સાથે સાથે તમામ ક્ષેત્રે પરિવર્તન લાવવા, વિકાસ કરવા, લોકોની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવાનો દાવો સરકાર દ્વારા કરવામાં આવે છે. પરંતુ તેમાંની કોઈપણ પ્રકારની જરૂરી કાર્યવાહી તો થતી જ નથી. ગત વર્ષે રાજ્યમાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે શહેરના અને ગામડાઓના મોટાભાગના પાકા રસ્તાઓ બિસ્માર બની ગયા હતા. કેટલાક માર્ગો પર ચાલી ન શકાય. તેમાં આડા પડી ગયેલા પરંતુ તેની દુરસ્તી કરવામાં જે કાર્યવાહી થવી જોઈએ તે થઈ શકી નથી. રાજ્યમાં માર્ગોના વિકાસ માટે મહાનગરપાલિકા, પાલિકા, તે પછી ગ્રામ પંચાયતોને નવા માર્ગો બનાવવા માટે કરોડોની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. છતાં એ નાણાંનો મહત્તમ ઉપયોગ રોડ બનાવવા માટે શા માટે નહિં થતો હોય? આ એક વિચારવા જેવી બાબત છે. કહેવાય છે કે અમદાવાદ મ્યુનિ.તંત્ર દ્વારા નવા વાહનો ઉપર આજીવન કરોડો રૂપિયાનો ટેક્સ વસુલ કર્યો છે. તેમજ દર વર્ષે ૧૦૦૦ કરોડ જેટલો પ્રોપર્ટી ટેક્સ તંત્ર દ્વારા વસુલ કરવામાં આવે છે. પરંતુ જે વિકાસ થવો જોઈએ, નજરે દેખાવો જોઈએ તે થતો નથી. સરકાર દ્વારા વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટોમાંથી કેટલા રૂપિયાનો ખર્ચ થતો હશે અને કેટલા રૂપિયાના જલસા થતા હશે તેનો કોઈ હિસાબ હશે ખરો? અમદાવાદ મહાનગરની જનતા મ્યુ. તંત્ર સામે આજકાલ ભારે નારાજ બની બેઠી છે. ગંદકી અને બિસ્માર માર્ગોનો પ્રશ્ન ગંભીર હોવા છતાં મ્યુ.તંત્ર ગંભીર નથી. તે પણ આશ્ચર્યની વાત કહી શકાય. નીતિ નિયમ મુજબ નાણાંનો ખર્ચ કરી વિકાસ થવો જ જોઈએ, તેમાં મોટી દલીલને ચલાવી લેવાય નહિં!

આજકાલ અમદાવાદ જેવા મહાનગરમાં જે રોડ કોન્ટ્રાક્ટરો છે તેમને તો જલસા થઈ ચુક્યા છે, વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં અમદાવાદમાં રૂા. ૫૪૮ કરોડના રોડ રિસરફેસના કામો મંજૂર કરાયા હતા. કુદરતી સિધ્ધાંત અનુસાર શહેરીજનોની પરસેવાની કમાણીના રૂા. ૫૪૮ કરોડ કોન્ટ્રાક્ટરોને નવા રોડ રિસર ફેસ કરી આપવાના હતા. પરંતુ હવે ૨૦૦ કિ.મી. રોડ જે ભંગાર બની ચુક્યા છે. તેને થીગડાં મારવાનો અર્થ શો?

માત્ર અમદાવાદના રોડોની હાલત ખરાબ છે. એવું નથી, નાના શહેરોમાં નગરપાલિકા દ્વારા અને ગ્રામ પંચાયતો દ્વારા ગ્રામ્ય માર્ગોનું જે નિર્માણ થાય છે. તે તો નજરે જોતા જ ખ્યાલ આવી શકશે. આ કામમાં કેવી રીતે ગેરરીતિ આચરવામાં આવી હશે, જનતા ભલે આ બાબતે દેખાવો કરે પરંતુ તેનો કોઈ અર્થ સરી શકશે નહિં.

## તારા ચંદ લોજિસ્ટિક સોલ્યુશન્સ લિ.નો આઈપીઓ ૧૩ માર્ચ, ૨૦૧૮ના ખૂલશે




તારા ચંદ લોજિસ્ટિક સોલ્યુશન્સ લિ.નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) જાહેર સબસ્ક્રિપ્શન માટે ૧૩ માર્ચ, ૨૦૧૮ના ખૂલશે. આ પબ્લિક ઈશ્યુ એકત્રિત રૂ. ૨૦૪૬.૦૦ લાખના ઈક્વિટી શેર દીઠ રૂ. ૫૫.૦૦ની કિંમતે રોકડ માટે પ્રત્યેકી રૂ. ૧૦ના ફેસ વેલ્યુના ૩૭,૨૦,૦૦૦ ઈક્વિટી શેરોનો રહેશે. ઈશ્યુમાં તેના માર્કેટ મેકર દ્વારા સબસ્ક્રિપ્શન માટે આરક્ષિત એકત્રિત રૂ. ૧૦૫.૬૦ લાખના ૧,૯૨,૦૦૦ ઈક્વિટી શેરોનો સમાવેશ રહેશે. જાહેર જનતા માટે નેટ ઈશ્યુ એકત્રિત રૂ. ૧૯૪૦.૪૦ લાખના ૩૫,૨૮,૦૦૦ ઈક્વિટી શેર રહેશે. ઈશ્યુ અને નેટ ઈશ્યુમાં કંપનીની ઈશ્યુ પશ્ચાત પેઈડ-અપ ઈક્વિટી શેરમૂડીના અનુક્રમે ૨૭.૨૭ ટકા અને ૨૫.૮૬ ટકાનો સમાવેશ રહેશે. ઈશ્યુ ૧૫ માર્ચ, ૨૦૧૮ના બંધ થવાનું નિર્ધારિત છે. હેમ સિક્યુરિટીઝ લિમિટેડ આઈપીઓની લીડ મેનેજર છે. તારા ચંદ લોજિસ્ટિક સોલ્યુશન્સ લિ. મુંબઈ સ્થિત કંપની છે અને પરિવહન અને વેરહાઉસિંગ, ઈક્વિપમેન્ટ રેન્ટલ અને સ્ટીલ પ્રક્રિયા અને વિતરણ સહિતની વિશ્વસનીય અને પરવડનારી લોજિસ્ટિક અને પુરવઠા શૃંખલા સેવાઓ પૂરી પાડવામાં સંકળાયેલી છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ તેના પરિવહન કાફલામાં ૪૨ માલિકી ટ્રેઈલર્સ અને અમારા ઈક્વિપમેન્ટ રેન્ટલ કાફલામાં ૧૦ મે.ટન-૮૦૦ મે.ટન ઊંચકવાની ક્ષમતા સુધીની શ્રેણીની ૨૯૨ માલિકીની ક્રેન્સનો સમાવેશ થાય છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ગુજરાતની મધર ટેરેસા..

ગતાંકથી ચાલુ

અનુબહેને એમને સમજાવટથી એટલું કહ્યું- 'જેવાં છે તેવાં તમારાં આ બાળકોને અમારી ઝૂંપડીએ ગોરજ મોકલજો. સંભાળીને સારાં કરી- કરાવીને તમારે ઘેર પહોંચતાં કરી દઈશું... ખાવાય ત્યાં દેશું.'

પહેલાં તો એ ડર્યા... ના રે ના... પણ પછી ખાવાનું મળવાની વાતે વળી વિચારીને હા પાડી.

પહેલાં બે- ચાર, પછી દસ- બાર, વીસ - પચ્ચીસ- પચ્ચાસ નાગાં, લઘર- વઘર, લાળિયાં લીંટીયાં, ગંધાતા છોકરાં મફત ખાવાને નામે અનુબહેનને ત્યાં આવવા માંડ્યા. અનુબહેન એમને નજીક લે, નવડાવે- ધોવડાવે, સાફ કરે, આંજણ- મેશ કરે, સાથે થોડાં નાનાં- મોટાં કપડાં લાવેલાં તેમાંથી પહેરાવે. ઝુંપડી સામે નાનકડો ઘાસનો મંડપ બાંધેલો, ત્યાં રમાડે- જમાડે અને એમની બુદ્ધિમાં ઉતરે તેટલું ભણાવે.. બાળકો સુઘડ બન્યાં. બાળકો જ ધીરે ધીરે એમનાં એજન્ટ બન્યાં. એ બાળકો વળી બીજાં બાળકોને લાવ્યાં. વાલીઓને પણ ખેંચી લાવ્યાં. અબૂધ અભણ વાલીઓ ઊભા ઊભા જુએ, રાજી થાય, એમાં દોલાપુરનાં ડાહીમાં જેવાનો પણ સમાવેશ થાય. ડગુમગુ ચાલતાં આવે. આમ તો અનુબહેન પાસે રૂપિયા ખૂટવા આવ્યા, પણ અચાનક ક્યાંકથી કોઈની મદદ મળી રહી. પછી એમણે સમાજ કલ્યાણ ખાતાને લખ્યું કે અમારી આ ગ્રામ વનવાસી શાળા છે. માન્યતા આપો. થોડા પત્ર વ્યવહાર પછી માન્યતા મળી. એટલે ગ્રાંટ મળવા માંડી. વડોદરા જિલ્લા શિક્ષણ સમિતિ મદદે આવી. એમાં વળી કોઈની મારફત નડિયાદ, સુરતના ટ્રસ્ટી નંદુભાઈ સાથે મુલાકાત થઈ. શાળાના ઓરડા માટે એમણે એકત્રીસ હજાર રૂપિયા આપ્યા. ધીરે ધીરે શાળાનો વિકાસ થયો. વધુ રકમની જરૂર પડી. ત્યાં મુંબઈવાળા કોઈએ ઈન્દિરાબેટીજીનો પરિચય કરાવ્યો. એમણે એંસી હજારનું દાન ગોઠવી આપ્યું, અને બાલમંદિર માટે પાકા ત્રણ રૂમો બનાવ્યા.

એકવાર અનુબહેનને નજીકના ગણેશપુરા ગામે જવાનું થયું, ત્યારે એક સાવ બે- ત્રણ વરસનાં નાનકડા બાળક ઉપર અનાયાસ નજર પડી ગઈ. તૂટેલી ઝોળી થઈ ગયેલી ખાટલીમાં એક બાળક સૂતું હતું. માથામાં ધારું પડેલું એમાં જીવાત પડી ગયેલી. માથામાંથી ભયંકર દુર્ગંધ આવે. છોકરાનો બાપ તો ભગવાનને ઘેર હતો. ને મા મજૂરીએ ગઈ હતી. ઘરમાં ઠરેલા ચૂલા પર અન્નના નામે ખાલી કાળું હાંડલું અને દવાના નામે છારી વળી ગયેલી પાણીની ઉઘાડી માટલી હતી. અનુબહેન આ બાળકને દવાખાને લઈ ગયાં. પછી ગોરજ આશ્રમમાં લાવ્યા પણ પછી વિચાર થયો કે આવાં તો અહીં કેટલાય બાળકો હશે? એકાદ 'આરોગ્ય કેન્દ્ર અહીં જ શરૂ કર્યું હોય તો? ને એમણે ત્યાં આરોગ્ય કેન્દ્રની પણ સ્થાપના કરી. એનું નામ રાખ્યું- 'અક્ષર પુરૂષોત્તમ આરોગ્ય મંદિર.'

પહેલાં તો વડોદરાની સયાજી હોસ્પિટલમાંથી એક ડૉક્ટર રવિવારે ત્યાં સેવા આપવા તૈયાર થયા. દર રવિવારે આઠથી બપોરના ત્રણ સુધી ગામડાંના બાળકોને લઈને તેના માવતરો ઉમટવા માંડ્યા. દૂર દૂર પંદર કિલોમીટરથી ચાલીને પંચમહાલને ગામડેથી આવે. ખસ, ગુમડાં એનેમિયા, ટી.બી., ચામડી અપોષણથી સાવ ફદફદી ગયાં હોય એવાં...

અમે ત્યાં ગયા ત્યારે મુનિ આશ્રમ ગોરજના પવિત્ર આશ્રમની સ્થાપનાની આ સંઘર્ષમય કથા નજર સામે હતી. સુંદર પ્રવેશદ્વાર ઉપર જ વિવેકાનંદજીની પ્રતિમા જોઈ. લીલાછમ ઘાસ વચ્ચેથી રસ્તા પસાર થાય, સુંદર વૃક્ષોના કટીંગ વચ્ચેથી ચાલતાં એમ લાગે કે વિદેશી ધરતી ઉપર તો નથી આવી ગયા ને? ક્યાંક એક સળી ય જોવા ના મળે? કચરા વગરના ભારતની કલ્પના કઠીન છે...! આશ્રમ વચ્ચે અનુબહેનના ગુરુ મુનિ મહારાજની કુટિયા છે. અનુબહેન એ સમયે તો પોતાની ઝુંપડીમાં હતા. અમે આરોગ્ય મંદિર અને બીજાં સ્થળો જોવા ગયાં. અહીં બાલદેવો માટે ઘોડીયાઘર અને બાલમંદિર તથા આસપાસનાં ગામોનાં બક્ષીપંચની કોમનાં બાળકો માટે શારદા મંદિર બનાવેલ છે. વિવેકાનંદ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ભગિની મંદિર અને કસ્તુરબા તાલીમ કેન્દ્ર વગેરે છે. ઘોડિયાઘર બાલમંદિરમાં આજુબાજુનાં ૧૬ ગામડાઓનાં પ્રત્યેક ગામડાના ૩૦ બાળકો મળીને ૫૦૦ બાળકો રહે છે. શારદા મંદિરમાં ૧૨૦ બાળકો, વિવેકાનંદ ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં ૨૦૦ બાળકો, પરિવાર મંદિરમાં મા- બાપથી વિખૂટા પડેલાં ૮૦ બાળકો હતાં. એ બાળકો માટે અદ્યતન ઘોડિયાં હતાં. એમને સાચવનારી બહેનો એમને પારણે ઝૂલાવે.. દૂધ થાય,

અમૃત ધારા
કનુભાઇ આચાર્ય

કેટલાંક બાળકો ઢીંગલીથી રમતાં હતાં. થોડાંક મોટાં થઈ ગયેલાં બાળકો દીવાલને ટેકે ટેકે ચાલવાનો પ્રયત્ન કરે. એમની માતા,એમના પિતા, એમના શિક્ષક, કાકા, મામા, ઘર- બાર પરિવાર અરે, એમના ઈશ્વર... કેવળ અનુબહેન... અનુબહેન જ...! બાકી આ જગતમાં એમનું કોણ? મુનિ આશ્રમની બહાર કોઈ આવીને બાળકોને મૂકી જાય. એ અવૈધ સંતાન જ હોય. કોઈ ભૂખે મરત આદિવાસી ય મૂકી જાય... 'બહેન, તમે પાળજો, પોષજો, મોટાં કરજો અને જગતના ચોકમાં અમારા વતી રમતો મૂકજો.!' ને અનુબહેન એ લાચાર, વિવશ માની આંતરડીનો કરુણ આર્તનાદ પામી ગયાં હોય એમ એ બાળકોને એવા શિશુઘરમાં રાખે છે કે એવું ઘર આપણું ય નથી.! એટલી અદ્યતન સગવડો પૂરી પાડે છે કે કદાચ મધ્યમ વર્ગના પરિવારો ય પોતાના બાળકોને નહીં આપતા હોય...? એ બાળકોની કેટલી ચિંતા...? ગુજરાતી ભાષાના રેખાચિત્રોના વિશિષ્ટ સર્જક શ્રી રજનીકુમાર પંડ્યાએ એક પ્રસંગ નોંધ્યો છે. 'એક વાર ઉનાળાની બપોરે ઈન્દ્રલોકના રાજા રાણી જેવી વેશભૂષા પહેરીને ગુજરાતી ફિલ્મોના એક્ટર રણજીત રાજ અને હિંદી- ગુજરાતી ફિલ્મોની અભિનેત્રી જયશ્રી ટી મુનિ આશ્રમમાં આવી ગયાં. ચોગાનમાં ઝાડની ઘટાને છાંયે ઢાળેલી ખાટલીઓ ઉપર બેઠાં. પાણીના ચાર - પાંચ લોટા ખાલી કર્યા. ત્યાં સામેથી ભગવી સાડી પહેરેલાં બહેન ચાલ્યાં આવે. એમને ફિલ્મના શુટીંગ માટે પૂછ્યું. અનુબહેને જમવાની, રહેવાની, સગવડની હા પાડી પણ શુર્ટીંગ માટે શું કહ્યું ખબર છે?

'ના, ભાઈ, એ નહીં બને... બાળકો સૂતાં છે. તમારા શુટીંગના દેકારામાં મારાં બાળકો જાગી જાય ને અમસ્તું ય હું આ જગ્યામાં શુટીંગ કરવા દેવા માગતી નથી. શુટીંગ કરવું હોય તો જાઓ, દેવ નદી વહે છે, ત્યાં થોડાં ઝાડ છે, એ ઘટામાં ચાલ્યાં જાવ...'

સગી જનેતા હોય ને કોઈ ફિલ્મવાળા એને ત્યાં શુટીંગ માટે આવે તો વેવલી વેવલી થઈ જાય ને આ અનુબહેન...? જયશ્રી ટીએ તો ભોળાભાવે પૂછ્યું- 'તે આ બહેનને આટલાં બધાં બાળકો છે? ને એ બાળકોની ઊંઘની આટલી કિંમત...?'

બે દિવસથી માંડીને બાર વર્ષ સુધીના કેટલાંય નમાયાં નબાપાં બાળકોના ઊંઘની ચિંતા કરનારી માતા ચાલી ગઈ છે.. આ દરિદ્ર નારાયણ.. વિવેકાનંદનાં પ્રિય બાળકોના મોંઢામાંથી પહેલા શબ્દ 'મા' સરે એનું શ્રવણ કરનાર... એને હોંકારો દેનાર... હવે કોણ...?

'મૌત કયા હય જમાને કો સમઝાઉં કયા?

એ મુસાફિર કો રાસ્તેમેં નીંદ આ ગઈ...'

જેને દૈવી નીંદ આવી ગઈ છે, તેવાં અનુબહેન કાર્યાલયની બાજુની કુટીરમાં આવીને બેઠાં. ભગવાં કપડાં, સાવ પાતળું શરીર. ગૌર વર્ણ, મૌન મુદ્રામાં બેઠેલાં હતાં. દર્શન કર્યા.

શાંતિના બધા અર્થો સમેટાઈને એમના ચહેરા ઉપર આવીને ના બેઠા હોય જાણે.. એવી શાંતમુદ્રા... સાધારણ પૂછપરછ... પરિચય બસ...! ઘણું પૂછવું હતું પણ એ મૌન, કરૂણાથી છલોછલ દૈવી ચહેરાની શાંતિને માણવાના લોભમાં કાંઈ ન પૂછી શકાયું... શાયદ, એમના બાળકો આસપાસ હોય ને આપણી ખલેલ પહોંચે તો...?

**ક્રમશઃ**

**- કનુ આચાર્ય**

## પરફેકટનિસ્ટ જેનિફર વિન્ગેટ કલર્સના આવી રહેલ શો બેપનાહ માટે ઉર્દૂ શીખે છે

વર્ષો વીતવાની સાથે ભારતીય ટેલિવિઝન પર ખૂબ જ જાણિતા એક્ટર્સમાંથી એક બની જનાર, જેનિફર વિન્ગેટ, હવે પછી કલર્સના ખૂબ જ રાહ જોવાઇ રહેલ રોમાન્સ ડ્રામા—બેપનાહમાં દેખાશે. સૂત્રો જણાવે છે કે જયારે તેણીના સારા મિત્ર એવા અનિરુદ્ધ રાજડેકરે તેણીને પહેલી વખત સ્ક્રીપ્ટનું વર્ણન કર્યું તો તેણી ખૂબ જ ભાવુક થઇ ગઇ અનો તણીની આંખોમાં આંસુ આવી ગયાં. મજબૂત પારીવારિક મૂલ્યો સાથે જોડાયેલી સારતત્વરૂપે પાડોશની કોઇક છોકરી હોય તેવી ઝોયાના પાત્ર સાથે તાદાત્મય કરી શકવા શકય હોવાથી – જેનિફરે તરત જ શો માટે હા પાડી દીધી.

જો કે તેણીએ શો માટે શૂટિંગ શરૂ પણ કરી દીધેલ છે, ભૂમિકા ભજવવા માટેની તેણીની તૈયારી તો બહુ પહેલા શરૂ થઇ ગઇ હતી. પાત્રની સાથે બંધબેસતી થઇ જવા કોઇ પ્રયાસ જતો ન કરવા માંગતી, તેણીએ બોલીને સાચી રીતે બોલી શકવા ઉર્દૂના લેસન્સ લેવાનું પણ શરૂ કરી દીધેલ છે.

જેનિફર પાત્ર ભજવવા અતિશય ભાવોન્માદિત છે અને જયારે સંપર્ક સાધવામાં આવ્યો, તો તેણીએ આ બાબતને એમ કહેતા પાકી કરી, "હું મીઠડી, વિનમ્ર અને મૃદુભાષી મુસલમાન છોકરી ની ભૂમિકા શોમાં ભજવી રહેલ છે.ઝોયા માટે સાચો લહેજો મેળવવા, મેં તેને સારી રીતે સમજી શકવા અને ધારા પ્રવાહ બોલી શકાય તે માટે ઉર્દૂના લેસન્સ લીધાં છે. મારા માટે ભાષાની બારીકીને સમજવા અને તેની કદર કરવાનું ખૂબ જ મહત્વપૂર્ણ હતું."

## સ્વામી રામદેવએ ક્રાંતિ પ્રકાશજાને ચાખડી ભેટ આપી



ડિસ્કવરી જીતના આત્મકથારૂપ શ્રેણી સ્વામી રામદેવઃ એક સંઘર્શ સમગ્ર દેશમાં તમામ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. યંગ અભિનેતા ક્રાંતિપ્રકાશ ઝા , જે ટેલિવિઝન પર સ્વામી રામદેવની પ્રતિષ્ઠિત ભૂમિકા ભજવતા હોય છે, તે અક્ષરની ચામડીમાં પ્રવેશવા માટે કશું ઉપાડ્યું નથી. ક્રાંતિપ્રકાશ ઝા યોગ ગુરુ હેઠળ પોતાની જાતને તાલીમ માટે હરિદ્વાર મુલાકાત લીધી હતી અને તેમના સમર્પણ સાથે પ્રેક્ષકો પ્રભાવિત થયા છે.

સ્વામી રામદેવએ અભિનેતા સાથે સમય ગાળ્યો નથી અને તેમની શૈલીને અપનાવવાની જરૂરી સમજણ સાથે તેમને મદદ કરી છે પણ તેણે પોતાના ચાખડીની ને પણ ભેટ આપ્યો છે, જેમાં ક્રાંતિપ્રકાશ ઝા શોમાં પણ ઉપયોગ કરી રહ્યા છે.

આ અંગે વાત કરતા, ક્રાંતિપ્રકાશ ઝાએ કહ્યું, "હું જાણું છું કે સ્વામી રામદેવની ભૂમિકા ભજવવાનો એક વખત જીવન સમયની તક છે અને હું ભૂમિકાને ન્યાય કરવાના મારા શ્રેષ્ઠ પ્રયત્નો કરી રહ્યો છું.

## સાઈની વિભુતિમાં અબીરનો વિશ્વાસ



શિરડીના સાઈ બાબાના ભક્તો તેમની ચમક્તારિક શક્તિ અને તેમણે બધામાં પ્રસરાવેલા પ્રેમ અને સમાનતાના સંદેશથી માહિતગાર છે. તેઓ એ પણ જાણે છે કે લોકો જે બીમારીઓથી પીડાય છે તેની સારવારનો ઉકેલ પણ સાઈ પાસે છે. લોકવાયકા મુજબ સાઈએ શિરડીના મશિદમાં તેમના વિશ્રામના સ્થળે અખંડ ધુનિની સ્થાપના કરી હતી. તેઓ અનેક વખત આ ધુનિની રાખ લેતા અને ભક્તોને તેમની પીડા દૂર કરવા માટે આ રાખ આપતા. લોકો પણ તેમના આપ્તજનોની બીમારીઓ દૂર કરવા માટે સાઈની આ વિભુતિ (પવિત્ર રાખ) તેમની સાથે લઈ જતા. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનની શ્રેણી 'મેરે સાઈ'માં તાજેતરમાં વાર્તા આ ધૂનિના મૂળ અને કેવી રીતે તે આજુબાજુના વિસ્તારમાં સાઈના અનેક ભક્તોના જીવન બદલી નાંખે છે તેની આસપાસ ચાલી રહી છે. 'મેરે સાઈ'માં સાઈ બાબાની ભૂમિકા ભજવતા અબીર સૂફી સાઈ બાબાના ભક્ત છે અને હંમેશા આ વિભુતિ તેમની સાથે રાખે છે.

## 'યે પ્યાર નહીં તો ક્યા હે' શો વિશે અમને જણાવો





યે પ્યાર નહીં તો ક્યા હૈ? આજના પેઢીની વાર્તા છે જે અત્યાર સુધી એકબીજાથી નજીકહોવા છતાં દૂર છે "- પલક જૈન જે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના નવા શો યે પ્યાર નહીં તો ક્યા હૈ? માં અનુષ્કા રેડ્ડીની ભૂમિકા ભજવે છે

૧. તમે અનુષ્કાની ભૂમિકા કેવી રીતે ઊભી કરી?

હું અમુક સમય માટે કમર્શિયલ, ટેલિવિઝન શ્રેણીઓ, વેબ શો અને ફિલ્મો માટે ઓડિશન કરતી હતી. એક દિવસ, મનોરંજન ઉદ્યોગના એક પરિચિતોએ મને ફોન કર્યો અને મારા પોર્ટફોલિયો માટે પૂછ્યું. તેમણે મને દિલ્હીમાં આધારિત નવા શો માટે ઓડિશન વિશે જણાવ્યું હતું અને મને લાગ્યું કે મને તેના માટે પ્રયત્ન કરવો જોઈએ. વ્યંગાત્મક રીતે, કેટલાક કારણોસર, હું દિલ્હીમાં ઓડિશન માટે જઈ શકી ન હતી. શોના ક્રિએટીવ ટીમ તરફથી ફોન આવ્યો તે બે દિવસ પછી હું મુંબઈ ગઈ હતી અને તેઓ મને આવવા અને ઑડિશન કરવવા માંગતા હતા. અને તેઓએ કહયું કે, બાકીનો ઈતિહાસ છે.

૨. અનુષ્કાની પ્રભાવી લાક્ષણિકતાઓ વિશે અમને કહો. ભારતીય ટેલિવિઝન પર આ તમારી શરૂઆત છે, તમે આ રોલ માટે પોતાને કેવી રીતે તૈયાર કર્યા?

અનુષ્કા અને હુંઅલગ નથી કેમ કે તે આજના યુગની છોકરીછે. મજબૂત, સ્વતંત્ર, ભાવનાત્મક અને સ્થાપિત.

## ઝી ક્લાસીક અમીતાભ બચ્ચનની આઈકોનિક મુવી દિવાર ૧૧ માર્ચે રાત્રે ૧૦ વાગે દર્શાવશે




દિવારએ ૧૯૭૫ની ભારતીય ક્રાઈમ ડ્રામા ફિલ્મ છે જે સલીમ-જાવેદ(સલીમ ખાન અને જાવેદ અખ્તર) દ્વારા લખવામાં આવી છે, નિર્દેશન યશ ચોપરાનું છે અને અમિતાભ બચ્ચન, શશી કપુર, નિરુપા રોય, પરવીનબાબી અન નિતુ સીંઘ તેમાં કલાકારો છે. ૧૯૭૦માં ભારતના સોશીયલ-પોલીટીકલ ક્લાઈમેટના કોલાહલને દર્શાવતી, દિવાર એ બે ગરીબ ભાઈઓની વાર્તા દર્શાવે છે જે, તેમનું કુંટુંબ તેમના પિતાના ખોટા આદર્શવાદના દગાખોરીનું ભોગ બને છે, અને બોમ્બેની ઝુંપડપટ્ટીમાં જીવંત રહેવા સંઘર્ષ કરે છે, અને ધીરે ધીરે કાયદાની બીજી બાજુ જતાં રહે છે. ટોચની ૨૫ જોવાલાયક મુવીમાંથી એક એવી, આ ક્લાસીક કલ્ટ મુવી જે શશી કપુરના તેના પ્રખ્યાત ડાયલોગ મેરે પાસ માં હૈ માટે યાદગાર હતી. મુવી એ અમિતાભ બચ્ચનને તેના ગુસ્સાવાળા પાત્ર માટે ભારતભરનો ચાહિતો કલાકાર બનાવ્યો હતો. ઝી ક્લાસીક તેના વોજમાના કરે દિવાનાની પ્રસ્તાવના સાથે આ બ્લોકબસ્ટર મુવીને ૧૧ માર્ચે રાત્રે ૧૦ વાગે દર્શાવશે.

## એશિયન પેઈન્ટ્સ કલરનેક્સ્ટની ૧૫મી આવૃત્તિએ વર્ષ ૨૦૧૮ માટે કલર અને ડેકોર ટ્રેન્ડ્સ જાહેર કર્યા





અમદાવાદ

છેલ્લા સાત દાયકાથી એશિયન પેઈન્ટસ ઘણા બધા ઉદ્યોગોને તેઓ કલર, ફિનિશ, ટેક્સચર્સ અને મટીરિયલ્સ સાથે જે રીતે સંબંધ જોડે છે તે પદ્ધતિઓ પ્રેરિત કરતી કલર્સ અને ડિઝાઈનની પ્રોફેશનલ ક્રિયેટર્સ અને ક્યુરેટર્સ તરીકે આગેવાન રહી છે. વાર્ષિક કલર અને ડેકોર પ્રવાહના વરતારોના ભાગરૂપ એશિયન પેઈન્ટ્સ દ્વારા કલરનેક્સ્ટ ૨૦૧૮ જાહેર કર્યું હતું, જેમાં તેણે આગામી વર્ષ માટે ડિઝાઈન ઉદ્યોગને પ્રેરિત કરનાર બહુપ્રતિક્ષિત કલર ઓફ ધ યર અને ચર કલાર અને ડેકોર પ્રવાહો જાહેર કર્યા છે. પેશન ફ્લાવર ચાર પ્રવાહ તરીકે સુંદર બિઝી ફૂલ, અલ્કેમી ઓફ મેમરીઝ, હ્યુમન અને અનટેમ્ડ સાથે કલર ઓફ ધ યર ૨૦૧૮ તરીકે જાહેર કરાયો છે. આ વરતારો આખું વર્ષ ચાલેલા વૈજ્ઞાનિક અધ્યયનનું પરિણામ છે, જે ભારતના ટોચના ડિઝાઈનરો, આર્કિટેક્ટો, નામાંકિત સોશિયોલોજિસ્ટો અને જાહેરાત વ્યાવસાયિકોની નિષ્ણાત પેનલ દ્વારા હાથ ધરાયું હતું. તેમાં નવા રંગોના પ્રભાવોની વાટ જોતી દુનિયાને ધ્યાનમાં લઈને વિચારપૂર્વકના મુદ્દાઓ અને પ્રવાહનું વિશ્લેષણ સંકળાયેલું છે.



## બદામ પિસ્તાં બરફી....

સામગ્રી : ઘી ૧ ટે.સ્પુન, બદામની પેસ્ટ ૧ બાઉલ, ખાંડ ૧ બાઉલ, પાણી જરૂર મુજબ. પિસ્તાં ૧ ટે.સ્પુન, ક્રીમ ૧ ટે.સ્પુન,માવો ૧ ટે.સ્પુન,ચાંદીનો વરખ ગાર્નીશીંગ માટે.

રીત : બદામ પિસ્તાં બરફી માટે એક પેનમાં ઘી ગરમ કરી તેમાં બદામની પેસ્ટ નાખી પકવો. ત્યાર પછી તેમાં ખાંડ નાખી હળવા હાથે હલાવતા રહો. મિશ્રણ ઘટ્ટ થઈ જાય એટલે એક પ્લેટમાં પાથરી દો. હવે એક પેનમાં ખાંડ ગરમ કરી તેની એક તારની ચાસણી બનાવી તેમાં પિસ્તાની કતરણ, ફ્રેશ ક્રીમ અને માવો મીકસ કરી મિકચર બનાવો. તેને બદામના મિશ્રણની ઉપર તૈયાર કરેલું પીસ્તાનું મિશ્રણ પાથરી દો. ત્યારબાદ તેની ઉપર ચાંદીનો વરખ લગાવી તેને ઠંડુ થઈ જાય એટલે તેના પીસ કરી સર્વ કરો.



# સ્વભાવ શું છે એ કેવી રીતે ઘડાય ?

**નારી ચેતના**

સમાજના નિયમોથી વિરૂદ્ધ વર્તન કે અનુભવ કરો એ વ્યક્તિત્વનો વિકાર છે. જે વકરીને છુટાછેડા, જેલની સજા કે મનોરોગ સુધી જાય છે...

આપણે વાત વાતમાં સ્વભાવ શબ્દ બોલીએ છીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'હું આશાવાદી છું. મારા સ્વભાવમાં નિરાશા જનથી..' સ્વભાવ વિશે જાણવાની જીજ્ઞાસા થાય, સ્વભાવ એટલે શું ? સ્વભાવ કેટલા પ્રકારના છે ? સ્વભાવ સારો કયારે અને ખરાબ કયારે ? એમાંય જો અલગ અલગ સ્વભાવના લોકો વિશે જાણીએ તો ? તો...તો.. અનેક લાભ મળે.

સ્વભાવ વિશેનો અભ્યાસ મનોવૈજ્ઞાનિકો કરે છે વર્ષોથી અભ્યાસ પ્રકાશીત થાય છે. જેમાંથી અંતર્મુખી અને બહિર્મુખી શબ્દો જાણીતા થયા. પણ એ સિવાય શરમાળ, વહુઘેલો, ગુસ્સાવાળો, વિનોદી, ઘરકુકડી, ઘાતકી, મિત્રકેન્દ્રી, પત્નીકેન્દ્રી, સગાવાદી, પ્રેમાળ જેવા અનેક શબ્દો બોલાય છે. કેટલાક લોકો ચહેરાના આધારે સ્વભાવનું અનુમાન કરે છે. પોલીસ કર્મી વર્તન કે ડ્રાઈવીંગના આધારે શક કરે છે. તો લગ્નેચ્છુક યુવક- યુવતી થોડીક માહિતીના આધારે સાથીના સ્વભાવનું અનુમાન કરે છે. પછી મોટા ભાગના પસ્તાય છે. પણ તેવી રીતે સ્વભાવ નક્કી થાય ખરો ? જેમ કેપ્રીતી પ્રેમના પ્રેમમાં પડી. પ્રીતી કહેતી કે પ્રેમ ખુબ જ પ્રેમાળ છે પરંતુ લગ્ન પછી પ્રેમનો પ્રેમ હવા થઈ ગયો. તેની ભૂમિકા બદલાઈ ગઈ. એટલે કે પ્રેમાળ હોવાનું થોડાક મહીના પુરતું વર્તન હતું. એ સ્વભાવ ન હતો.

પણ યુધિષ્ઠીરને યાદ કરો. તે સમગ્ર જીવન ધર્મને વળેલા હતા. ધર્મ એટલે જ ફરજઅને નિષ્ઠા. ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ હંમેશા નિષ્ઠાવાન રહ્યા. દસ વરસના શાસનકાળ દરમિયાન તેઓએ કોંગ્રેસ પક્ષના પ્રમુખનું કહ્યું કર્યું. માણસ ઉપરીની દિશા સુચનનું પાલન કરે, ભાવનાઓ અને સંબંધોની સરખામણીમાં સિદ્ધાંતોનો અમલ કરે તે સ્વભાવ છે. અંગ્રેજીમાં તેને કોન્સાસીયસ પર્સનાલીટી કહેવાય છે. જે સ્વભાવનો એક પ્રકાર છે.

પર્સનાલીટીનું ગુજરાતી વ્યક્તિત્વ થાય પણ આપણે સ્વભાવ કહીએ છીએ. વ્યક્તિ વિશે અનેક મનોવૈજ્ઞાનિકોએ વ્યાખ્યા કરી. જેમાંથી હું જહોન ઓલ્ધામની વ્યાખ્યાને ટાંકું છું. 'વ્યક્તિત્વ એવો પાયલોટ છે જે આપણને જીવનભર માર્ગદર્શન આપે છે.' સ્વભાવના અગિયાર પ્રકાર છે. ૧. નિષ્ઠાવાન ૨.સ્વવિશ્વાસુ ૩.સમર્પિત ૪.નાટયાત્મક ૫. સાવધ ૬.સાંવેદનાશીલ ૭.નિરાંતપ્રિય ૮.સાહસીક ૯.વિશિષ્ટ ૧૦.અલગારી ૧૧.ચંચળ.

હવે સ્વભાવનું ઘડતર માટે જવાબદાર પરિબળો જાણો. ૧.જનીન ૨.બાળપણમાં જોયું તેનાથી ૩.બાળપણમાં મળેલ વાતાવરણ અને ૪.આઘાતજનક ઘટના.

મોતીલાલ નહેરૂથી રાહુલ ગાંધી સુધીના રાજકારણી સ્વભાવ વારસાગત હોવાનું દર્શાવે છે. અમિતાભ અને રાજીવ મિત્રો હતા.બાળપણમાં અમિતાભે નહેરૂ કુટુંબનું વ્યક્તિત્વ જોયું. તેઓને પ્રસિદ્ધિ, સર્વોચ્ચ પદ અને કાવાદાવા સુઝયા. અમિતાભનો સ્વભાવ જે જોવા મળ્યું તેમાંથી ઘડાયો. વાતાવરણની અસર જુઓ. મોટા ભાગની છોકરીઓને એક જ વાત શીખવાય છે.


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# બાળકોનું પાચનતંત્ર અને તેની સંભાળ

**બાળ ઉછેર**

બાળકોને પુષ્કળ પ્રમાણમાં પાણી પીવાની ટેવ પાડો. જેથી મળત્યાગની ક્રિયા સરળ બની રહે. આ કારણે શરીરને પરસેવો, આંસુ, મૂત્ર વગેરે માર્ગે નકામો કચરો સાફ કરવામાં મદદ મળે છે

બાળકના ખોરાકમાં ચરબી, શર્કરા (જેખ્તટ્રિવ) તથા મીઠા (જટ્વઙ?મં) નું પ્રમાણ મર્યાદિત રાખો. કારણ કે, આવા ખોરાકને લીધે અપચો અને અતિસાર (ટ્રિવરીટ્વ) જેવી ટૂંકા ગાળાની તકલીફ અથવા ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવી લાંબા ગાળાની તકલીફ થઈ શકે છે. પેકેટ ફૂડસ જેમ કે ચિપ્સ, બેકરીમાં બનતી વસ્તુઓ, કેક, તળેલી ખાદ્ય સામગ્રી, પેકિંગમાં મળતા ફળોના રસ વગેરેનું સેવન ટાળો. કારણ કે બાળકોના શરીરને એવા પદાર્થોની જરૂર નથી. વળી, એમાં ઘણા એવા હાનિકારક દ્રવ્યો, પ્રિઝર્વેટિવ્સ તથા ખાદ્ય રંગો હોય છે, જે બાળકને નુકસાન કરે છે. રસોઈની એવી પદ્ધતિ અપનાવો જેમાં તેલનો ઓછામાં ઓછો ઉપયોગ થતો હોય; જેમ કે, વરાળ અથવા પાણીમાં બાફીને અથવા શેકીને ખોરાક બનાવવો. બાળકોને દહીં, અથાણાં, ચિઝ, ડાર્ક ચોકલેટ, સફરજન, સિયામિલ્ક, ઑલિવ, જેવા પ્રોબાયોટિક ખોરાક લેવા માટે પ્રોત્સાહિત કરો; કારણ કે, આવા ખોરાકમાં રહેલા ખાદ્ય બેક્ટેરિયા શરીરમાં પાચકરસ ઉત્પન્ન કરવામાં મદદ કરે છે જે પાચનતંત્રના દરેક અવયવને કાર્યદક્ષ બનાવે છે. બજારમાં આવા પ્રોબાયિટીક પૂરક આહાર પણ ઉપલબ્ધ છે; એના વિષે તમારા ડોક્ટરની સલાહ પણ લઈ શકો છો. પ્રીબાયોટિક આહાર શરીરમાં રહેલા લાભદાયી બેક્ટેરિયાને પોષણ પૂરું પાડે છે. અનાજ, ઓટમીલ, કેળાં, ડુંગળી, લસણ અને મધ જેવા ખોરાકને પ્રેબાયોટિક આહાર કહી શકાય.

બાળકને પુષ્કળ પ્રમાણમાં પાણી પીવાની ટેવ પાડો. જેથી મળત્યાગની ક્રિયા સરળ બની રહે. પુષ્કળ પ્રમાણમાં પાણી પીવાથી શરીરને પરસેવો, આંસુ, મૂત્ર, વગેરે માર્ગે નકામો કચરો સાફ કરવામાં મદદ મળે છે. ખાસ કાળજી રાખો કે બાળકોનું પીવાનું પાણી ફિલ્ટર કરેલુ સ્વચ્છ હોય. વિષમય અથવા હાનિકારક પદાર્થોનો સંપર્ક ટાળો વયસ્ક વ્યક્તિની સાપેક્ષે બાળકો ઝેરી અથવા હાનિકારક દ્રવ્યોના શિકાર સરળતા થી બની શકે છે. કારણ કે તેમના મન અને શરીર હજી પૂર્ણ વિકસિત નથી હોતા. હાનિકારક દ્રવ્યો દરેક વસ્તુ અને જગ્યામાં હાજર હોય છે. જે હવા તેઓ શ્વસી રહ્યા છે, જે ખોરાક તેઓ ખાઈ રહ્યા છે અથવા એ રમકડું કે જેનાથી તેઓ રમી રહ્યા છે તેમાં પણ.

લાસ્ટિકમાં રહેલા હાનિકારક દ્રવ્યો :: પ્લાસ્ટિકમાં રહેલું બિસ્ફેનોલ નામનું હાનિકારક તત્વ તેને વિષમય બનાવે છે. માનવના કુદરતી અંતઃસ્રાવો (હોર્મોન્સ) ની ઉત્પત્તિ, વહન, કાર્યશીલતા અને નિકાસ એ દરેક તબક્કામાં આ બિસ્ફેનોલ અડચણ ઉભી કરે છે. આજ કાલ બાળકોના રમકડાંથી લઈને એ વાસણો કે જેમાં આપણે બાળકોને ભોજન પીરસીએ છીએ; એ બધા જ પ્લાસ્ટિકના બનેલા જોવા મળે છે; જે બાળક માટે ખતરનાક સાબિત થઈ શકે છે. બાળકનું શરીર સતત વૃદ્ધિ પામી રહ્યું છે; અને એ વૃદ્ધિ-દરને જાળવી રાખવા માટે એમના શરીરને સતત પોષક તત્વોની જરૂર પડે છે. તેમનું પાચનતંત્ર વયસ્કોની સાપેક્ષે ઝડપથી અને વધુ પોષણ ગ્રહણ કરે છે;

એવામાં જો આવા વિષમય પદાર્થો શરીરમાં જાય તો એ પણ આ પોષક તત્વોની સાથે પાચનતંત્રમાં ભળી જાય છે; જે પાચનતંત્રને હાનિ પહોંચાડવાની સાથે સાથે કેન્સર જેવા ભયંકર રોગને પણ આમંત્રિત કરી શકે છે. પ્લાસ્ટિકના વાસણોમાં બાળકને ખવડાવાનું, ખોરાકનો સંગ્રહ કરવાનું કે ખોરાકને એમાં ગરમ કરવાનું સદંતર ટાળો. વળી, બિસ્ફેનોલ રહિત વસ્તુઓ જ ખરીદવાનો આગ્રહ રાખો.

## રસથાળ

### મગની દાળના ચીલા

સામગ્રી - ૨૦૦ ગ્રામ છાલટા વગરની મગદાળ, ૧ ઈંચ આદુ છીણેલો, ૨ લસણ, ૨ લીલા મરચાં, ૧ ચમચી મીઠુ, ૧/૨ ચમચી હળદર પાવડર, ૫૦ ગ્રામ ડુંગળી સમારેલી, ૨ ચમચી લીલા ધાણા, ૫ા ચમચી બેકિંગ પાવડર

બનાવવાની રીત - દાળને ધોઈને ૧ લીટર પાણીમાં ૫ કલાક માટે પલાળી મુકો અને પછી પાણી નિતારી લો.

આદુ, લસણ, મરચુ, મીઠુ, હળદર, દાળ અને થોડુ પાણી મિક્સ કરીને મિક્સરમાં વાટી લો. જરૂર મુજબ પાણી ભેળવો અને મિક્સરમાં ૨ થી ૩ મિનિટ માટે ચલાવી લો. જેનાથી પેસ્ટ સ્મૂથ બની જશે.

હવે આ પેસ્ટને એક વાડકીમાં કાઢી અને તેમા સમારેલી ડુંગળી લીલા ધાણા અને બેકિંગ પાવડર નાખો. હવે ફ્રાઈંગ પેનમાં થોડુ તેલ લગાવો અને તેને ગરમ કરો. ત્યારબાદ તેમા ચીલાનુ પેસ્ટ ચારેબાજુ ફેલાવો. તેને હલ્કા તાપ પર પકવા દો અને થોડીવાર પછી ધીમા તાપ પર સોનેરી થતા સુધી સેકો.

આ જ રીતે બાકીના ચીલા બનાવી લો અને ધ્યાન રાખો કે પેસ્ટને હલાવતા રહો નહી તો ચોંટી જશે.

### વધેલી દાળના બનાવો ગરમા ગરમ પરાઠા

દાળ બચી જાય તો તેને ફરીથી ખાવાનુ કદાચ જ કોઈનુ મન થતુ હશે. તો આ લેફ્ટઓવર ફૂડને વેસ્ટ કરવાને બદલે થોડો એક્સપરિમેંટ કરીને ટેસ્ટી-ડિફરેંટ ડિશેજ બનાવી શકાય છે.

આ વખતે અમે તમારી માટે લઈને આવ્યા છીએ આવી જ કેટલી લેફ્ટ ઓવર ડિશેજની રેસીપી. તેને તમે સહેલાઈથી બનાવી શકો છો અને તમારી બચેલી રસોઈ વેસ્ટ પણ નહી થાય

આ રીતે બનાવો

સૌ પહેલા લોટ બાંધવા માટે ઘઉનાં લોટમાં બચેલી દાળ, જીરુ, મીઠુ, લીલા મરચા, ૧ નાનકડી ચમચી તેલ અને લીલા ધાણા પણ નાખી દો.

હવે બધી સામગ્રી સારી રીતે મિક્સ કરીને લોટ બાંધી લો. લોટનો એક નાનકડો લૂઓ તોડી લો અને તેને હાથ વડે ગોળ કરી લો.

ગરમ તવા પર પરાઠો સેકવા માટે મુકો અને પરાઠાને બંને બાજુ તેલ લગાવીને મધ્યમ તાપ પર પલટાવીને બંને બાજુથી બ્રાઉન થતા સુધી સેકો.

આ ગરમાગરમ પરાઠાને લીલી ચટણી કે સોસ સાથે સર્વ કરો.

# જીંદગીના બે આઘાત

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

આઠ વર્ષની હતી શનિવારની એક બપોરે મારી મમ્મી સવારના કપડાં ધોયેલા કામના ભારણને લીધે સુકાવાના બાકી હતાં. પ્લાસ્ટીકની ડોલમાં પડયાં હતાં. તારવેલાં હતાં, મેં મારી મમ્મીને બેથી ત્રણ વાર કહ્યું મમ્મી હું છાપરે જઈને સુકાવી આવું ?

ના બેટા તું પડી જઈશ.. હમણાં અડદની દાળનો વઘાર કરીને જાઉંછું...મમ્મીએ કહેલુ.

એ પછીનો સમય થયેલો દાળ વઘારી ઉકાળીને તૈયાર થઈ ગયેલી. મમ્મીએ કહેલું દિના.. હું હમણાં ઉપર કપડાં સુકવીને આવું પછી તને જમવાનું આપું છું.

ભલે પણ તારી સામે બેસીનેખાઈશ.. મેં કહ્યું હતું એ પછી મારી મમ્મીએ પગમાં સ્લીપર પહેરી હતી. ડોલ લઈને ઉપર ચઢી હતી. મારી મમ્મીનો કાયમ શરદીવાળો કોઠો હતો. ઘરમાં પણ સ્લીપર પહેરી રાખતી. એ ગઈ.. છાપરા પર.. એ કપડાને છટકોરતી હોવાનો અવાજ આવતો હતો.. ત્યાં તો ધબાધબીનો અવાજ આવ્યો.. કોઈ પડયું હોય એવો અવાજ.. વાસ્તવમાં મારી મમ્મી પડી ગઈ હતી છાપરા પર. ગમે તે કારણસર એનો પગ ભરાઈ ગયો કે શું ? ઉપર છેકથી પડી. પહેલાં લાકડાની સીડીએ અથડાઈ પછી બારણે અને આખરમાં ઘરના ચોકમાં પડી. એનું કપાળ ફુટી ગયું. લોહી નીકળી આવ્યું..મમ્મી કહીને હું વળગી પડી. પણ મારી મમ્મીને માથામાં અતિ ગંભીર ઈજા થઈ ગઈ હોય એ મૃત્યુ પામી ગઈ હતી. મારા કલ્પા-ંતથી અને મમ્મીના પડવાના ધબાધબ અવાજથી આસપાસના લોકો આવી ગયા હતા. દોડધામ મચી ગઈ દવાખાને લઈ જાવ.. પણ એક જણાએ મારી મમ્મીના હાથની નસ પકડી.. નસ ધબકતી બંધ થઈ ગઈ હતી. તો બીજા એ મમ્મીના નાક પર આંગળી મુકી તો શ્વાસ બંધ થઈ ગયો હતો.

મમ્મી મરી ગઈ હતી. પપ્પાને ઓફિસમાં સમાચાર પહોંચાડયા. રઘવાયા થતનાં આવ્યા, વિગત જાણી ભાંગી પડયા.. હું કયાંય સુધી રડી મમ્મી મરી ગઈ હતી. .એને સાંજ સુધીમાં કાઢી નાખવાની હતી. રાત્રે મડદું ઘરમાં ના રખાય.

સાંજે સાડા પાંચ વાગે મારી મમ્મીની નનામી ઉઠી.. ઘણા રોઈ પડયા.. મારા પપ્પાના આંખના આંસુ અટકયા ન હતા. માસીએ મારો હાથ પકડી રાખ્યો હતો. ઘડી ઘડીકહેતી દીના બેટા રડ નહીં હું છું.. દીના બેટા રડ નહીં હું છું..

શુક્રવારે તો મારીમા જીવતી હતી શનિવારે ભોજન માટે અડદની દાળ બનાવી હતી અને ભોજન પહેલાં જ પ્રભુના ધામમાં પહોંચી ગઈ હતી. એ ગાયને પીવડાવી દીધી. મમ્મી નામનો એક છાંયડો જીંદગીમાં હતો. એ શનિવારે સ્મશાનમાં ધુમાડો થઈને વેરવિખેર થઈ ગયો. જીંદગી એના માર્ગ પર ગમે ત્યારે રસ્તો બદલી નાખે છે એ હું સમજી શકી ન હતી. મારા પપ્પા સમજી ગયા હતા. સ્મશાને આવ્યા પછી પણ મારા પપ્પા આખી રાત રોતા રહ્યા. મમ્મીને યાદ કરીને મેં.. પહેલી વાર મારા પપ્પાને આમ ભરચક આંખે રડતાં જોયાં.

સમયની પાંખો મમ્મીની યાદ કરતી કરતી મોટી થતી ગઈ. પપ્પા કયાંક લોજમાંથી ટીફીન મંગાવતા. કયાંક માસી આવીને ચાર છ દિવસ પુરીઓ, થેપલા બનાવી જતી. હું કચરો વાળતી, વાસણ ઉડકતી, દુધ લઈ આવતી. એટલું કામ કરતી પણ મમ્મી આંખમાંથી હૈયામાંથી કેમેય કરીને જતી ન હતી.

એક દિવસ પપ્પા મને માસીને ઘેર મુકી આવ્યા. પોતે નવા કપડાં પહેરીને બહારગામ ગયા. માસીના ઘેરથી છ દિવસ પછી પાછીઆવી ઘરમાં કોઈ નવી સ્ત્રી આવી હતી મને સમજતાં વાર ના લાગી. એ મારી નવી મા હતી. મમ્મી હતી, રાત્રે પપ્પાએ આવીને મને કહ્યું, આજથી તારી આ નવી મમ્મી સુમિત્રા છે. એ તારામાં ભળી જશે.. તું એનામાં ભળી જજે.. પપ્પાના શબ્દો હતાં. પણ મને એમના શબ્દોની પરવા ન હતી. હું તો ન જાણે કશીક ચીડ સાથે મારા રૂમનાં સોફા પર સુઈ ગઈ હતી. અડધી ઉંઘ થતાં જાગી ગયેલી ત્યારે મેં સાંભળ્યું હતું નવી મમ્મી સુમિત્રા કહેતીહતી. તમે મને ગભરાવશો નહીં, અને મારી કરીને રહીશ.. જરાય ઓછું આવવા નહીં દઉં..શબ્દો કાને પડી ગયા હતા અને મોં મચકોડીને બીજું પડખું ફેરવીને સુઈ ગઈ હતી. એ પછી બારણું ખોલવાનો


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


## અભિવ્યક્તિનાં આગીયા સમાન લોક અવાજને રજૂ કરતાં ચર્ચાપત્રો વિષે અભ્યાસમૂલક ગ્રંથ

**શબ્દ સમીપે** - નટવર હેડાઉ

આપણે કદાચ ભાગ્યે જ વિચારતા હોઈએ છીએ કે આજકાલનાં બાળકોને ટીવી કરતાં પણ વીડિયો ગેમ શા માટે વધારે લલચાવતી હશે ? નવી પેઢીને બુક (પુસ્તકો) વાંચવા કરતા ફેસબુક જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સનું વળગણ આટલું બધું શા માટે હશે ?

નવી પેઢીના આ વલણ-વર્તન પાછળ એક ચોક્કસ કારણ દેખાય છે. આ કારણ છે દ્વિમાર્ગી પ્રત્યાયન (ટૂ વે કમ્યુનિકેશન) ! આધુનિક તકનીકે દ્વિમાર્ગી પ્રત્યાયન થઈ શકે એવાં સાધનો અને સુવિધાઓ શોધી આપ્યા છે. ત્યારે નવી પેઢી તેનો પૂરેપુરો લાભ ઉઠાવવા ઉત્સાહી છે. તને સંવાદ કરવામાં વધારે મજા આવે છે. માત્ર સાક્ષી કે શ્રોતા બનવામાં નહીં, પણ પોતાની વાત રજૂ કરી સમગ્ર પ્રક્રિયામાં સહભાગી બનવામાં સાર્થકત્તા અનુભવે છે.

અખબાર કે સામાયિકની વાત કરીએ તો તેમાં ત્વરિત પ્રતિભાવ શક્ય નથી. પણ વાચકોને પત્રો/તંત્રીને પત્રો પ્રકાશિત કરવાની પરંપરા છેક અઢારમી સદીથી ચાણી આવે છે. આ પરંપરા અમેરિકન અખબારોમાં શરૂ થઈ હતી. અને આજ સુધી ટકી રહી છે. ભારતીય પત્રકારત્વનો ઈતિહાસ ફંફોસીએ તો આઈરીશ નાગરીક જેમ્સ ઓગસ્ટસ હીકી એ ૧૯ જાન્યુઆરી ૧૭૮૦ ના રોડ દેશનું પહેલું અખબાર 'બંગાળ ગેઝેર ઓર કલાકત્તા જનરલ એડવર્ટાઈઝર' નું પ્રકાશન કર્યુ પછી દેશમાં એક પછી એક પત્રો શરૂ થયાં. તેમા વાચકોના પત્રોને ખાસ મહત્ત્વ અપાતું હતું. ચર્ચાપત્ર-વિચારપત્ર એ પાંચમી જાગીર છે. તેની મજા અને ખુબી એ છે કે એનો ભાગીદાર કોઈ સ્થાપિત નથી. એ એકનો અવાજ નથી. (ર્હ્લજ્ઞ)લોકનો અવાજ છે. તંત્રી લેખ અખબારનો વિચાર પ્રગટ કરે છે. અખબાર થોડાકોનું હોય છે એટલે બને કે વિચાર વિરાટનો પણ હોય, પણ ચર્ચાપત્ર વિચારપત્ર તો સમુહનો વિચાર છે.

ચર્ચાપત્રીઓ પોતાને અખબારના પૂરક, પારકી છઠ્ઠીના જાગતલ અને વૈતાલિક ગણે છે. તંત્રીઓ-સંપાદકો એમને ઉપાધિરૂપ, આપત્તિજનક કનડગત કરનારા અને પ્રસિદ્ધ ભૂખ્યા લેખી ભાંડતા રહે છે. ચર્ચાપત્ર અને ચર્ચાપત્રીઓ આધના બે અંતિમો વચ્ચેનું કયાંક આવેલું સત્ય છે. જેના વિશે એક લાંબા સમયથી કેટલાક આ


**અનુસંધાન પાના નં.૬ પર**


# પુરુષોની નજરમાં સુંદર દેખાવા માટે સ્ત્રીના અવનવા-પ્રયોગો

**નારી**

સ્ત્રી એક એવુ વ્યક્તિત્વ કે જે હંમેશા સુંદર દેખાવામાં માને છે. પોતાના પતિની, બોયફ્રેન્ડની નજરમાં આવે તે માટે કંઈક ને કંઈક એવુ કરતી રહે છે કે તેને નોટિસ કરવામાં આવે. અનેકવાર સ્ત્રી વિચારતી હશે કે તેનામાં શું ખામી છે જેના કારણે તેને પસંદ નથી કરતા. ત્યારે તમારા મનમાં અનેક સવાલ થતા હશે કે પુરુષો કઇ વાતને નોટિસ કરે છે અને એવી કઇ ચીજો છે જે પુરુષોને એટ્રેક્ટ કરવામાં મદદ કરે છે. પુરુષોને મહિલાઓની ઘણી બધી બાબતો પસંદ આવે છે. કહેવાય છે કે સ્ત્રીઓને સમજવી મુશ્કેલ હોય છે પરંતુ પુરુષોને સમજવા પણ એટલું જ મુશ્કેલ હોય છે.જે મહિલાઓ વાતચીત કરતી વખતે આઇ કોન્ટેક્ટ રાખીને કોન્ફીડન્સ સાથે શરમાયા વગર વાત કરે છે આવા પ્રકારના સ્વભાવવાળી મહિલાઓ પુરુષોને બેહદ પસંદ આવે છે. જે મહિલાઓને મજેદાર, ચટપટી વાતો કરવાની આદત હોય એવી સ્ત્રીઓ પણ પુરુષોને ઘણી પસંદ આવે છે. પુરુષોને મહિલાઓના દેખાડો કરવાની આદતને નોટિસ કરવામાં વાર લાગતી નથી. પછી તે સ્ટેટસની સાથે જોડાયેલુ હોય કે પર્સનાલિટીની સાથે, અનેકવાર મહિલાઓ નકલી વાળ, આઇલેશ અને નકલી નખ લગાવીને ઇમ્પ્રેસ કરવાની કોશિશ કરે છે. પણ સચ્ચાઇ તો એ છે કે પુરુષોને મહિલાઓના દેખાડો પસંદ નથી આવતો. તેમને લાગે છે તે મહિલાઓ આ દેખાડાના ચક્કરમાં અનેકગણો ખર્ચ કરે છે. તેમને સિંપલ અને સોબર લુક વધારે પસંદ આવે છે.

તેમાં કોઇ જ નવાઇ નથી કે પુરુષ મહિલાઓની ડ્રેસિંગ સ્ટાઇલને વધારે નોટિસ કરે છે. પુરુષોને ક્લાસી કપડા પહેરનારી મહિલા વધુ પસંદ આવે છે. અને સાથે તે સ્ટાઇલ પોતે પોતાનામાં અનેક ચીજોને જણાવે છે. હીલ્સ પહેરીને વોક કરવાની સ્ટાઇલ જેવી અનેક વસ્તુઓ મહિલાઓની પર્સનાલિટીને ડિફાઇન કરે છે. પુરુષોને ફેશનની સાથે કંઇ લેવાદેવા નથી એવુ વિચારવુ ખોટુ હોય શકે છે. તેમને ફેશનમાં શું ચાલી રહ્યુ છે તે તમામ વસ્તુઓની ખબર પડે છે અને સાથે તેઓ તેને ધ્યાનમાં રાખીને


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# ગાલની આજુબાજુની લટકતી ત્વચાને ટાઇટ કરવા માટે ફેસપેક

**રૂપના રખોપા**

શરીરના અન્ય ભાગોની સરખામણીમાં ચહેરાની ત્વચા પાતળી હોય છે. સમય સાથે ગુરૂત્વનાં કારણે ચહેરાની નાજુક ત્વચા લટકવા લાગે છે. તેના કારણે કરચલીઓ પડવા લાગે છે. આ સમસ્યાથી છૂટકારો મેળવવા માટે કેટલાક ફેસપેક વિશે માહિતી મેળવીએ

મહિલાઓ પોતાની ત્વચાની બહુ સંભાળ કરે છે. આખરે સુંદર દેખાવું પણ તો મહત્વનું છે. આપણી ત્વચા આપણા શરીરનું સૌથી મોટુ અંગ હોય છે. શરીરના અન્ય ભાગોની સરખામણીમાં ચહેરાની ત્વચા પાતળી હોય છે.સમય સાથે ગુરુત્વનાં કારણે આપણી નાજુક ત્વચા લટકવા લાગે છે. તેના કારણે કરચલીઓ પડવા લાગે છે. કરચલીઓ વધતી ઉંમરનો પ્રથમ સંકેત હોય છે.કોલેજનના ઓછા ઉત્પાદનનાં કારણે પણ ચહેરાની ત્વચા ઢીલી પડવા લાગે છે. સૌપ્રથમ ગાલની આજુબાજુની ત્વચા લટકે છે. કોઈને પણ વૃદ્ધ દેખાવું ગમતું નથી, પરંતુ યુવાન દેખાવા માટે જરૂરી છે કે વૃદ્ધાવસ્થાનાં સંકેતો જેમ કે કરચલીઓ અને લટકેલી ત્વચાથી બચવામાં આવે. બજારમાં ઘણા પ્રકારની ક્રીમ્સ અને પ્રક્રિયાઓ ઉપલબ્ધ છે કે જે કરચલીઓ અને વધતી ઉંમરનાં અન્ય લક્ષણોને આવતા રોકે છે.જોકે તેમની કોઈ અસર થતી નથી. કેટલીક ઘાતક પ્રક્રિયાઓ જેમ કે બોટૉક્સ અને અન્ય ફિલર્સથી આવશ્યક પરિણામ મળી શકે છે.

મુલ્તાની માટીથી બનેલુ ફેસ પૅક એગ વ્હાઈટમાં સ્કિનને ટાઈટ કરવાનો ગુણ હોય છે. મુલ્તાની માટી આ ફેસ પૅકને વધુ પ્રભાવશાળી બનાવે છે. આવશ્યક સામગ્રી ૨ ટેબલ સ્પૂન મુલ્તાની માટી જો આપની ત્વચા શુષ્ક છે, તો કેટલાક ટીપાં ગ્લિસરીન વિધિ ઈંડાની સફેદ ફેંટો, જ્યાં સુધી કે તે હળવી ન થઈ જાય. તેમાં મુલ્તાની માટી મેળવો અને ફરી ફેંટો. તેમાં કેટલાક ગ્લિસરીનનાં મેળવો અને આ


**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## સ્વચ્છતા ...

**પાના નં .૧ ચાલુ**

ભાજપ શાસિત નગરપાલિકાના રાજમાં પી.એમ.મોદીનું સ્વચ્છ ભારત અભિયાન કેવું કાગળ પર જ ચાલી રહ્યું છે. તેની પ્રતીતિ કરાવતો કિસ્સો બહાર આવ્યો છે. શહેરના વોર્ડનં.૮માં આવેલા લડબી નાળાની સફાઈ જ થતી નથી. જેને પગલે જ્યાંથી લડબી નાળું પસાર થાય છે તેવા હરસિદ્ધ નગર, વણઝારા ટેકરો, નંદનવન સોસાયટી, ચાણક્યપુરી, તિરુપતિ ટાઉનશિપ સહિતના વિસ્તારો માથું ફાટી જાય તેવી દુર્ગંધ સાથે નર્કાગારમાં ફેરવાયા છે. જેથી જાહેર આરોગ્યને હાનિ પહોંચતી હોઈ રોગચાળો ફેલાવવાની શક્યતા વર્તાઈ રહી છે.

આ અંગે પાલિકાના ભાજપી નગરસેવકોની વારંવારની મૌખિક અને લેખિત રજૂઆતો પાલિકાના શાસકોના બહેરા કાને અથડાઈને પરત ફરી છે. ત્યારે ખુદ ભાજપી નગરસેવકોની જ પીપુડી ન વાગતા કંટાળીને આ નગરસેવકો એ જ પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરી સત્વરે સફાઈ નહી થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે જવાની ચીમકી આપતા ભાજપી વર્તુળોમાં જ હલચલ મચી જવા પામી છે.

## તંત્રના...

**પાના નં .૧ ચાલુ**

મહિના જેટલો સમય વીત્યો પણ આ સામે તંત્રએ હજુ સુધી જોયું પણ નથી ,,,,,શાળા અત્યારે કોઈ જ સુરક્ષા ન હોવાના કારણે આ શાળા રાત પડે ત્યારે બની જાય છે દારૂ નો અડ્ડો અને દારૂડિયાઓ આવી આ વિદ્યાના મંદિર માં દારૂ ની મહેફિલ માણે છે જયારે સવાર ના બાળકો શાળાએ ભણવા માટે આવે ત્યારે રૂમ આગળ અને શાળા ના કમ્પાઉન્ડ માં દારૂ ની બોટલ સિવાય કૈજ જોવા મળતું નથી બાળકોએ આવી તમામ બોટલો વીણી સફાઈ કરે છે અને ત્યાર બાદ જ તેમનું ભણતર ચાલુ થાય છે ત્યારે તમે પણ સાંભળો કે દેશ ના ભાવિ એવા બાળકો શું કહે છે

દારૂડિયા તત્વો આ શાળા માં દારૂ ની મહેફિલ તો માણે છે પરંતુ શાળામાં લાગેલા સરસ્વતી વિવેકાનંદ ગાંધીજી તેમજ અન્ય મહાનુભાવો નો પોસ્ટરો સાથે ચેડાં કરે છે અને ખરાબ રીતે ચીતરે છે ત્યારે આ બાબતે ને લઈ દેશ ના ભાવિ એવા કુમળા બાળકો ઉપર ખરાબ અસર પડી રહી છે સમગ્ર બાબતે શાળા ના આચાર્ય ધ્વરા ધાનેરા પોલીસ મથક સહીત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ છે છતાં પણ નઘરોળ તંત્ર કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરી રહ્યું છે  આ શાળા માં સૌચાલય ની પણ કોઈજ વ્યવસ્થા નથી બાળકો તેમજ વિદ્યાર્થીનીઓ ખુલ્લા માં જવું પડે છે સોચ ક્રિયા માટે ત્યારે આબાબતે વાલીઓ એ પણ ચીમકી ઉચ્ચારી છે કે સુવિધા અને સુરક્ષા વગર ની શાળા માં બાળકો ને અભ્યાસ કરાવવો એના કરતા તો બાળકો ને ઘરે બેસાડી રાખવા સારા ,,,,,અને મીડિયા સાથે વાતચીત માં વાલીઓએ જણાવ્યું હતું કે જો તંત્ર તાત્કાલિક આ બાબતે પગલાં નહિ ભરે તો અમે અમારા બાળકો ને શાળાએ નહિ મૂકીએ

શાળા નંબર એક ની બાજુમાં ખાનગી શાળા આવેલી છે તે પણ પૂર માં ડેમેજ થઇ હતી અને તેની પણ પ્રોટેક્શન દીવાલ પુરમાં તણાઈ ગઈ હતી પરંતુ ટ્રસ્ટીઓ ધ્વરા ગણતરીના દિવસો માજ નવી દીવાલ બનાવી શાળા ની સુરક્ષા સાચવી લીધી ,,,,,,,,ત્યારે હવે ૧૨૦૦ જેટલા બાળકો ને સરકાર ના પાપે અભ્યાસ છોડવાનો વારો આવ્યો છે માટે શિક્ષણ ની મોટી મોટી વાતો કરતી ભાજપ સરકાર જાગે અને ૧૨૦૦ બાળકો નું શિક્ષણ બચાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## ગ્રામજનોએ વિદાય...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જ્યારે નવનિયુક્ત પીએસઆઈ જે.પી. સોઢાને આવકાર્યા હતા. સરપંચ, વેપારીમિત્રો, ગ્રામ આગેવાનો તથા પોલીસ સ્ટાફ હાજર રહી વિદાય લેતાં પીએસઆઈ વી.એચ.ઝલાને ઉચ્ચ કારકિર્દીની શુભકામના સહ નવનિયુક્ત પીએસઆઈ જે.પી. સોઢા નરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાય ને પ્રજા સુખાકારી રહે તેવા પ્રયત્નો કરી પ્રજામાં માન સન્માન મેળવે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

## સદભાવના ગ્રુપ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી પોતાના જન્મદિનને સેવા દિન તરીકે મનાવતા ૧૯ માર્ચના દિવસે આ પરબ શરુ કરતા હોય છે.પરંતુ ચાલુ શાળા ગરમી વહેલી આવી જતા જન્મદિનની રાહ જોયા વગર લોકોને અગવડતા ના પડે એ હેતુથી ચાલુ સાલે પરબ વહેલી શરુ કરવાનો નિર્ણય કરો છે. અને આજ રોજ તા ૦૬ માર્ચ મંગળવાર ના રોજ આ પરબ શરુ કરવામાં આવી છે.

ઉનાળાની ઋતુમાં દિવસના ૬૦ કેરબા એટલે કે અંદાજે ૧૨૦૦ લીટર પાણી દિવસના ૨૫૦૦ થી ૩૦૦૦ લોકો આ પરબ પર પાણી પીને પોતાની તરસ છીપાવતા હોય છે. યુવાનો આ સદ્કાર્યથી પ્રેરાઈ પોતાના વીસ્તારમાં પણ પરબ શરુ કરે એ હેતુથી આ પરબની રીબીન આજરોજ આગામી સમયમાં પરબ જે યુવાનો પોતાના વિસ્તરમાં કરવાના છે તેવા યુવાનો ના હાથે એટલે કે વડગામના ધવલ બારોટ અને દિગ્વિજય સોલંકીના હાથે રીબીન કપાવી શરુ કરવામાં આવી હતી. ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના જુના કાર્યકર્તા  કાન્તીભાઈ કચોરીયા અને બે દીકરીઓ બેન હેત્તલ અને કુસુમ ના હાથે પણ રીબીન કાપી પરબને ખુલ્લી મુકવામાં આવી હતી.

આગામી સમયમાં જીલ્લાના યુવાધનના સાથ સહકારથી  આવી ૫૦ પરબો શરુ થાય એ માટે અભિયાન હાથ ધરાશે.

આજ રોજ આ પરબના લોકાર્પણ સંદર્ભે સદભાવના ગ્રુપના હરેશ ચૌધરી,સાગર જાની અશોક પટેલ,નગરપાલિકાના પ્રમુખ નીલમબેન જાની, અશોકભાઈ ઠાકોર, હિતેશભાઈ ચૌધરી અશોકભાઈ પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## પ્રાથમિક શાળામાં ...

**પાના નં .૮ ચાલુ**

ધરાવનાર શિક્ષક સાથે મળી માંડ પાંચ કે છ હજારનું વેતન મેળવતા આવા શિક્ષકો નીષ્ઠાથી કામ કરે છે તે પ્રશંસનીય છે. પ્રાથમિક શિક્ષણના બીજા સત્રની નવેમ્બર માસની પ્રવાસી શિક્ષકોની કામગીરીના કાર્ય દિવસો ૨૨ (બાવીસ) હતા જેની સામે સરકારના શિક્ષણવિભાગે તઘલખી હુકમ કરતાં નવેમ્બર માસમાં ફક્ત ચાર દિવસનું જ વેચન મળવાપાત્ર રહેશે.આવું ફરમાન જારી કરતાં શાળામાં નવેમ્બર માસમાં ૧૮ (અઢાર) દિવસ શૈક્ષણિક કામગીરીના બાદ કરતાં પ્રવાસી શિક્ષકોને દુકાળમાં અધિક માસ જેવી સ્થિતિ ઉભી થવા પામી છે. પ્રવાસી શિક્ષકોની હંગામી નિમણું-કથી ખાલી જગ્યાઓ પર વર્ગખંડ સંભાળી બાળકોને શિક્ષણ આપે છે તે ખૂબ સારી બાબત છે. જિલ્લાની સમસ્યાઓ બાબતે ઉપરી કક્ષાએથી સમયસર ગ્રાન્ટના ફાળવવાના લીધે અને જે તે તાલુકાથી સેન્ટર કક્ષાએ તાકિદે નાણાં ચૂકવવામાં કેટલીય વાર વિલંબ કરાય છે. આ બાબતની ખામી સત્વરે દૂર કરી સમયસર નાણા મળે તેવી જોગવાઈ રાજ્યની પ્રાથમિક શાળાના પ્રવાસી શિક્ષકો ઈચ્છી રહ્યા છે. નવેમ્બર માસના બાદ કરેલ અઢાર દિવસનું વેતન પણ ધ્યાને લઈ શૈક્ષણિક કામગીરીના કાર્યદિવસમાં કરેલ કામના દિવસો મુજબ વેતન ચુકવવામાં આવે તો આવા શિક્ષકોને અન્યાય થયેલ નહિ ગણાય તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં ઉચ્ચસ્તરેથી કરેલ આદેશ મુજબ નવેમ્બર માસના ફક્ત ચાર દિવસનું વેતન આપવાના નિર્ણયને પ્રવાસી શિક્ષકોમાં નારાજગી પેદા કરી છે. જે ગંભીર બાબત છે. કોર્ટના હુકમો વચ્ચે થયેલા આદેશ અને સમજણની ગંભીરતા બાબતે આવા શિક્ષકોને ભોગ બનાવાય તે વ્યાજબી બાબત નથી. સત્વરે આ બાબતે સરકાર સજાગ બની વિકાસની ગુલબાગોમાં આવી બાબતોમાં ગંભીરતા નહિ દાખવે તો સરવાળે નુક્શાન ભારતની આવનારી પેઢીના વિકાસ ઘડતરને જ હશે.

## રાનેર ગામે...

**પાના નં .૮ ચાલુ**

તમામ માલ સામાન બળીને રાખ થઈ જવા પામ્યો હતો. જે બાબતે તંત્રના અધિકારીઓને લેખિત જાણ કરી નુકસાનનું વળતર માટે માંગણી કરી છે. જો કે આ બાબતે તંત્ર દ્વારા રાનેરના દુકાનદારને વળતર ચૂકવાય છે કે કેમ તે જોવુ રહ્યું. આમ કાંકરેજ તાલુકામાં આવા આગ લાગવાના બનાવોનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૨૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૨૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૬૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૬૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૫૫૦**
સીંગતેલ ૧૫ લી.૧૪૩૦
સીગતેલ ૫ લી. ૪૮૫
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૩૦
વનસ્પતિ ઘી ૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૨૪૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦

જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૩૦૦-૩૪૦૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૬૦૦**
ખાંડએલ. ૩૬૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦

વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૩૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૨૦૦-૪૦૦
મરચાં ૭૦૦-૮૦૦
લીંબુ ૫૦૦-૧૧૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૨૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૩૬૦-૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૮૦૦

## આગ ભીતર ભીતરની...

**અનુસંધાન પાના નં.પ નું ચાલું**

અવાજ આવતાં સુઈ જવાનું નાટક કર્યું હતું ત્યારે નવી મમ્મીએ આવીને સોફા પર એક તરફ ગબડી પડેલો મારે પગ ઠીક કરી..મારી પર શાલ ઓઢાડી મારે માથે હાથ ફેરવ્યો હતો ત્યારે જાગતી પડી રહેલી અને હાથને હડસેલો મારવાની ઈચ્છા થઈ આવી હતી. પણ મન પર કાબુ રાખ્યો હતો.

જીંદગી હતી..મારી નવી મમ્મી સુમિત્રા બધીયે રીતે મને સાચવતી.. સ્કૂલ જતી હોઉં ત્યારે મારા બુટ લઈને આવતી પહેરાવવા જતી હું કહેતી હું પહેરી લઈશ મારી જાતે.. પણ એ માનતી નહીં મોજા પહેરાવી બુટ પહેરાવી પોતાના સાડીના ભાગથી લુછી આપતી. સ્કૂલે જતી હોઉં ત્યારે મારા માથે હાથ ફેરવી.. કપાળે ચુમી ભરતી. એક વાકય તો રોજ કહેતી.. સ્કૂલેથી સીધી આવી જજે.. રવિવારની રજા હોય ત્યારે મારૂં માથું ચોળી આપતી.. સુકાયેલા વાળમાં ધુપેલ નાખી આપતી. મારી પસંદગીનાં કપડાં લાવતા પહેલા પુછતી. જમવાનું બનાવતી.. મારા નાસ્તાના બોકસમાં ભરતી. .હું લેસન કરતી હોઉં ત્યારે પાસે બેસતી મારૂં હોમવર્ક જોતી.. કયાંક જાય તો સાથે લઈ જતી..

મારા પપ્પા મને ઘણીવાર કહેતા આ તારી મમ્મી તારી અસલ માં જેવી તો છે ને !

પપ્પાના સવાલ સામે હું રડી પડતી. અને એ મને એની બાથમાં લેતી.. મને કહેતી દિના ભુલી જા અને બસ હવે હું તારી મા છું દિકરા.. એમના એટલા પ્રયાસો છતાંય મારામાં એમનો પ્રત્યે કશીક કડવાશ, ખારાશ હતી હું એમને મમ્મી માનવા તૈયાર ન હતી.. ગમે તે અજ્ઞાત ભય મને હચમચાવી દેતો.. અત્યારે આ બધાં નાટક કરે છે પણ ખુદનુંસંતાન થશે એટલે.. પણ એ ઘડી ના આવી.. જીંદગીનું સમીકરણ બદલાઈ ગયું મારા પપ્પા નોકરીએથી આવતાં હતા ત્યારે કોઈકે એમને ટક્કર મારી મોત ભેગા અકાળે ભેખવી દીધા.

મારી નવી મમ્મી તો રોઈ રોઈને અડધી થઈ ગઈ. પણ કુદરત આગળ લાચાર હતી. સમય ગયો, પપ્પાને સ્થાને એને નોકરી મળી ગઈ.મને એ પહેલાં કરતાં વધારે સારૂં રાખતી હતી પણ મારૂં મન માનતું નહીં.

એક દિવસ ફિલ્મોમાં બને છે એવું મેં અને મારી સખીએ કહ્યું મેં મારા ઘરમાંથી દશ હજાર ચોર્યા.. બીજી સખીએ એટલા.. હૈદ્રાબાદ ગયા, ઘર છોડીને અમારે ફિલ્મોમાં ચમકવું હતું..

હૈદ્રાબાદની ચાર દિવસની.. મારે જાણે જીંદગીનો સાચો ગુણોત્તર સમજાવી દીધો. પૈસા ખલાસ થતાં વાર ના લાગી.. સાત દિવસમાં તો પાછા બેઠા..

મારા ઘેર આવી મને હતું મમ્મીના ચરણોમાં આળોટી પડીશ.. પણ મારી નવી મમ્મી સુમિત્રાએ આત્મહત્યા કરી દીધી હતી. એક ચિઠ્ઠીમાં લખ્યું હતું.. પહેલાં તારા પપ્પા ગયા હવે દીના બેટા તું છોડીને ગઈ.. આ બે આઘાત હું જીરવી શીકું એમ ન હતી.. સુમીત્રા...

## નારી...

**અનુસંધાન પાના નં.પ નું ચાલું**

મહિલોને નોટિસ કરતા હોય છે. મહિલાઓની સારી અને સુંદર સ્માઇલ કોઇપણ પુરુષને આકર્ષિત શકે છે. પુરુષ તેની સૌથી પહેલા નોટિસ કરે છે તેને માટે ચહેરાની આ સ્માઇલ મહિલાની અંદરની પોઝિટિવ ફિલિંગને દર્શાવે છે. મહિલાના ચહેરાપર સ્માઇલ, પુરુષને પણ કોન્ફિડન્ટ ફીલ કરાવે છે. જ્યારે કોઇ પુરુષ કોઇ મહિલાને પહેલીવાર મળે છે ત્યારે તે પહેલા તેની સ્માઇલને જ નોટિસ કરે છે અને તે જ તેમને તમારી પાસે બની રહેવા માટે પૂરતુ છે. બનાવટી સ્માઇલ અનેક કામને બગાડી શકે છે અને જ્યારે પણ હસો તો દિલથી અને ખુશીથી હસો.

અન્ય આકર્ષિત કરે તેવી ચીજ છે તે છે આંખપ કહેવાય છે કે આંખો દિલની જબાન હોય છે. જે કોઇના પણ વિશે બોલ્યા વગર જ જણાવી દે છે. આંખોને જોઇને સાચા ખોટાની પરખ કરી શકાય છે. આંખોનું એટ્રેક્શન સૌથી ઇફેક્ટિવ ગણવામાં આવે છે. જે કોઇપણ અજાણને તમારા આશિક બનાવી શકે છે. આગળ વાત કરીએ તો પુરુષોને મહિલાના લાંબા અને ઘેરા વાળ પસંદ આવે છે. પાર્લરમાં કલાકો બેસીને હેર સ્ટાઇલ કરવામાં સમય ન વેડફો. વાળથી જ પુરુષોને જલદી એટ્રેક્ટ કરી શકાય છે. પુરુષોની નજરમાં તમારા વાળ તમારી પર્સનાલિટીને જણાવે છે. તમારા વાળની સુગંધ તેમને આકર્ષિત કરી શકે છે. સાથે એ પણ ધ્યાન રાખો કે તમારા વાળની સ્ટાઇલ તમારા ચહેરા પર સૂટ થતી હોવી જોઇએ. સૌથી મહત્વની વાત કરીએ વજન. આ વાતનો ખ્યાલ મહિલા કરતા પુરુષોને વધુ હોય છે. જી હા, સાંભળવામાં તમને અલગ લાગશે પણ આ વાત સાચી છે. અનેકવાર મહિલાઓ વજનને લઇને ચર્ચા કરતી હોય છે. પણ પુરુષોમાં મહિલાની ચર્ચા કરતા કંઇક અલગ ચર્ચા થતી હોય છે. અનેક પુરુષોને પાતળી છોકરીઓ પસંદ આવતી નથી. એટલે ડાયટિંગ કરીને સાઇઝ ઝીરો બનવાની કોશિશ છોડો અને સાથે સંતુલિત પ્રમાણમાં હેલ્ધી ફૂડ લો. તમારા વજનને કંટ્રોલ કરવાની સાથે સાથે તે સ્કીન માટે પણ લાભદાયી છે. તમને થોડુ આશ્ચર્ય લાગશે કે મહિલાઓની ત્વચાનો રંગ અને ખીલ ફોલ્લીઓ વિનાનો ચહેરો પુરુષોને પસંદ આવે છે. તે તમારા માટે હેલ્ધી હોવાની નિશાની છે. સોફ્ટ અને હેલ્ધી સ્કીનના પુરુષો આશિક રહે છે. આના માટે સમયાંતરે સૂવુ, ૬ થી ૮ કલાકની ઉંઘ લેવી તેમજ વધારે પ્રમાણમાં પાણી પીવુ તે ત્વચા માટે સારુ ગણાય છે.

## રૂપના રખોપા...

**અનુસંધાન પાના નં.પ નું ચાલું**

મૉસ્ક ચહેરા પર લગાવો. તેને ૧૫ મિનિટ સુધી લગાવી રાખો અને પછી ઠંડા પાણથી ધોઈ લો. ૨) મધ અને અવોકેડો મૉસ્ક મધ એક પ્રાકૃતિક બ્લીચિંગ અને મૉઈશ્ચરાઈઝિંગ એજંટ છે. અવો-કેડોમાં વિટામિન્સ તથા મિનરલ્સ પ્રચૂર પ્રમાણમાં હોય છે કે જે આપની ત્વચાને ચમકદાર બનાવે છે. તેનાથી કોલેજનનું ઉત્પાદન પણ વધે છે. નિયમિત રીતે આ મૉસ્ક ઉપયોગ કરવાથી ત્વચાને લટકવાથી બચાવી શકાય છે. આવશ્યક સામગ્રી ૧ પાકેલા અવો-કેડોની લુગ્દી ૨ ટી સ્પૂન મધ ૧ વિટામિન ઈ કેપ્સૂલ

વિધિ અવોકેડોની લુગ્દીને એક વાટકીમાં મસળો. તેમાં મધ અને વિટામિન ઈ મેળવો. તમામ વસ્તુઓ સારી રીતે મેળવો અને આ મિશ્રણ ચહેરા પર લગાવો. આને ૨૦ મિનિટ સુધી લગાવીને રહેવા દો અને પછી ઠંડા પાણીથી ચહેરો ધોઈ લો. ૩) મધ અને બ્લ્યુબેરીઝ ફેસ મૉસ્ક બ્લ્યુબેરીઝમાં એંટી-ઑક્સીડંટ ગુણો હોય છે કે જે વધતી વયનાં લક્ષણોને ઓછા સહાયક હોય છે. મધ ત્વચાને મૉઈશ્ચરાઈઝ કરે છે અને ત્વચાની સારવાર પણ કરે છે. આ ફેસ મૉસ્કથી માત્ર કરચલીઓ જ ઓછી નથી થતી, પણ તેનાથી આપની ત્વચા ચમકદાર પણ બને છે. આવશ્યક સામગ્રી ૧/૨ કપ બ્લ્યુબેરીઝ ૨ ટી સ્પૂન મધ વિધિ બ્લ્યુબેરીઝને મિક્સીમાં વાટી લો. તેને વાટકીમાં કાઢો અને તેમાં મધ મેળવો. આ મિશ્રણને ચહેરા પર લગાવો અને ૧૫ મિનિટ સુધી લાગેલું રહેવા દો. ૧૫ મિનિટ બાદ ધીમે-ધીમે મસાજ કરી ધોઈ લો. ૪) એલોવેરા અને ઑરેંજ ફેસ મૉસ્ક આ પૅક કે જે બેઘટકો છે, તેમાં કરચલીઓ સામે લડવાનો ગુણ હોય છે. મનુષ્યો માટે એલોવેરા બહુ મોટી ભેટ છે અને ઑરેંજમાં વિટામિન સી હોય છે કે જે ઉપચારક ગુણો માટે જાણીતું છે. આ મૉસ્ક વાસ્તવમાં ચમત્કારી હોય છે. આવશ્યક સામગ્રી ૧ તાજુ તોડેલુ એલોવેરાનું પાંદડું ૧ સંતરાનુ લુગ્દી ૧ ટી સ્પૂન કૉર્ન ફ્લોર વિધિ એલોવેરાના પાંદડાથી જૅલ કાઢો. ઑરેંજની લુગ્દીને જૅલમાં મેળવો. તેમાં કૉર્ન સ્ટાર્ચ મેળવો કે જેથી આપ આ મિશ્રણને સરળતાથી ચહેરા પર લગાવી શકો. આ પૅક અડધો કલાક સુધી ચહેરા પર લાગેલુ રહેવા દો. બાદમાં તેને ધોઈ નાંખો અને ફરક આપ પોતે અનુભવશો.

## નારી ચેતના...

**અનુસંધાન પાના નં.પ નું ચાલું**

તેણે સારો વર મેળવવાનો છે. તે પુરૂષને આકર્ષે તેવા કપડાં પહેરે છે. તે પ્રિય પુરૂષના પ્રતિભાવ મુજબ બદલાય છે. જેને નાટયાત્મક સ્વભાવ કહે છે. ઘટના સાથે જવાબદાર બાબત ટાકું. સંબંધમાં છેતરાવાથી માણસ સાવધ બને અને અતડો બને છે. પતિ અપેક્ષાથી ઉણો હોય તેવી સ્ત્રી ચંચળ બને છે. જે સ્વભાવ માટે જવાબદાર પરિબળો છે.

વ્યક્તિત્વનો વિકાર : સ્વભાવ તમારોશત્રુ કયારે

નિષ્ઠાવાન વ્યક્તિ હઠાગ્રહી બની જાય ત્યારે તેની પત્ની, બાળકો અને સહકર્મચારી કંટાળે છે. સ્વવિશ્વાસુ માણસ ઘમંડી બની જાય તો પછી ઘણાંને નુકશાન કરે, સમર્પિત વ્યક્તિ પરાવલંબી થઈ જાય, સાવધ વ્યક્તિ વહેમીલો થાય, સંવેદનશીલ માણસ જાતને સમાજથી તરછોડાયેલ ગણવા લાગે, સાહસિક વ્યક્તિ અસામાજીક કામો કરે, નાટયાત્મક કે ચંચળ નારી ત્રાગા કરે આપઘાતના પ્રયાસો કરે કે ચારિત્ર્યહીન બને, વિશિષ્ટ વ્યક્તિ સામાજીક સંબંધો રાખી ના શકે. તો તમે જ કહેશો કે આ ખોટું કહેવાય. તે વ્યક્તિત્વના વિકારની શરૂઆત છે. જેવધીને તીવ્ર મનોરોગ સુધી જેલની સજા, છુટાછેડા કે દેવાદાર સ્થિતિ સુધી લઈ જાય છે.

વ્યક્તિત્વની ખામી નક્કી કરવા નીચેના ધોરણો છે. આપણી સાંસ્કૃતિક પ્રથાથી વિચલીત થતાં વર્તનો અને અંદર થતાં અનુભવો જો નોંધપાત્ર છે તો એ વ્યક્તિત્વની ખામી છે. જે નીચેનાભાગમાં જોવા મળે છે. ૧. તમારી પોતાને, બીજાને અને ઘટનાને જોવાની, મુલવવાની કે અર્થઘટન કરતી વિચારોની ક્રિયા ૨. તમારી ભાવનાત્મક પ્રતિક્રિયા, તીવ્રતા, જવાબદારી અને આત્મીયતા ૩. તમારા સિવાયની વ્યક્તિ સાથેનું વર્તન અને ૪.આવેગો પરનો કાબુ. જો સામાજીક સંસ્કારો પ્રમાણે અયોગ્ય છે તો ચેતવણી છે. અગત્યના સમયે રોજગારી વખતે કે પ્રસંગોમાં ખામી કે વધુ દુઃખ અનુભવો છો તો એ વિકૃતિ છે.

તમારો સ્વભાવ તમારો દુશ્મન બને એ પહેલાં ચેતો. જો તમને પોતાને અહીં જણાવેલ સ્વભાવની ખામી લાગે તો મનોપચારનો સંપર્ક કરો. જો તમારી આસપાસમાં કોઈકને સ્વભાવની ખામી હોવાનું લાગે તો આ લેખને વંચાવો. વધુ નહીં તો ૯૧૩૭૪૧૫૧૯૯ જોડીને મુલાકાત માંગી શકો છો. આ લેખ સંબંધી કે મિત્રને વંચાવીને પરમાર્થ કરી જ શકો છો.

## બાળ ઉછેર...

**અનુસંધાન પાના નં.પ નું ચાલું**

વિચારોને સમર્પિત લોકો દ્વારા ચર્ચાપત્રીઓના અવાજને બુલંદ કરવાના પ્રયત્નો કરતાં મિત્રો દ્વારા લખાણો દ્વારા આંદોલન જગાવવાના જે પ્રયોગ થતા રહ્યા છે. તેને પુસ્તકાદારે પ્રગટ કરી આ પાંચમી જાગીરની તસ્વીર રજૂ કરવાનો એક પ્રયાસ તાજેતરમાં થયો છે. તે પુસ્કની વાત મારે તેમને કરવી છે.

‘પાંચમી જાગીર’ પુસ્તકમાંથી પસાર થતાં જે કેટલીક બાબતો ધ્યાનમાં આવે છે. તેમાં તેને સંપાદકોએ ચાર ભાગમાં વહેંચેલ છે.(૧) સંપાદકોની નજરે (૨) વિશેષજ્ઞોની નજરે (૩) સમીક્ષકો નજરે. અને (૪) ચર્ચાપત્રીઓની નજરે. તે પછી જાણીતા ચર્ચાપત્રી રજનીકાંત જોશીને સ્મારણાંજલિ આપતા કેટલાક લેખો મુકવામાં આવ્યાં છે.

આ પુસ્તકમાં બે સંપાદકો છે. ડંકેશ ઓઝા અને કુમારેશ ત્રિવેદી. તેમાં કુમારેશ ત્રિવેદી પોતાના સંપાદકીય બે બોલમાં ચર્ચાપત્રોનું મહત્ત્વ જણાવતાં ખાસ નોંધે છે કે દૈનિકમાં વાચકો કેટલો રસ લે છે. તે જાણવાની પારાશીશી ચર્ચાપત્રી છે. એમ કહેવાય છે કે કટાર લેખકો સારા છે એવું તમને કંઈ રીતે ખબર પડે ? ગુજરાતી ન આવડતા અખબારના એક્ઝિક્યુટીવને પુછતાં તેમને જણાવ્યું ‘વાંચકોને પત્રો (સંખ્યા) પરથી.’ તો ડેકશ ઓઝ ચર્ચા-પત્રોને-લોકશાહીના આધારસ્તંભ ગણે છે તેમને પોતાની વાત સ્પષ્ટ કરવા ટોમસમાનનું એક વાક્ય મુક્યું છે. ‘વિચારો માટે બજારમાં સ્પર્ધા કરવાનું અશકય છે. તે માટે તો અનિવાર્ય એવા મંચ ઉપલબ્ધ હોવા જોઈએ. અથવા ઉભા કરવા જોઈએ.’ અખબારો અને સામાયિકો આવા વિચારમંત્રો પૂરા પાડે છે. ઘણી વખત વિરોધી વિચારની અભિવ્યક્તિ ભલે મુશ્કેલ બનતી હોય પરંતુ એકંદરે આપણા સમુહ માધ્યમોને પોતાની વિશ્વસનીયતા સાચવવાની ગરજે પણ આવા વિચારમંચના વાહક બનવું પડતું હોય છે. પાંચમી જાગીરના તંત્રી, ચર્ચાપત્ર-પત્રીની સહોપસ્થિસ્તિતા અગે જસંવત રાવલ લખે છે કે ‘જાગતા રે જો’ એ જે ભાષા અને સૂરમાં તંત્ર કલમથી કહે છે એનાથી થોડી જુદી અને કદાચ સમુહની ભાષામાં  પત્ર લેખક કહે છે. એટલે એ તંત્રીની જોડજોડનો જુગતિયો કે જુગલબંધ છે.

ઉમાશંકર જોષીએ‘સંસ્કૃતિ’ના આરંભે ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહેલું કે ‘પત્રલેખન સમય અને સમાજ સાથે ગાઢ અનુસંધાનમાં હોય છે. એ કદાચ કદ-કાઠી એ ઉમાશંકર નથી એટલે ‘સંસ્કૃતિ ’ નથી કાઢતો પણ એની નિસબત એની કૃતિ (પત્ર) નું ચાલકબળ છે. એની ધખના,બળાપો, અનુભૂતિ ઓને પ્રેરે છે. એ લેખક કે તંત્રી નથી બની શકતો એટલે પત્રલેખક બને છે. રામસેતુ બાંધવા કાંકરી ઉપાડી લઈ જતી ખિસકોલીનું કાર્ય નલ-નીલ કે મહાસમર્થ વાનરરાજ કરતાં લગીરે ય  ઓછું ન હતું. પત્રલેખનું કાર્ય આવો નાનો પ્રચંડ પુરૂષાર્થ છે.

વાચકોના પત્રો સંદર્ભે નગીનાદાસ  પારેખે ગાંધીજીના વલણ અને કાર્યપદ્ધિતિઓ અંગે નીરીક્ષણ રજ કર્યું છે. ‘નવજીવન’,‘ યંગ ઈન્ડિયા’ ‘હરિજનબંધુ’ ની ફાઈલો જોતાં પહેલી વસ્તુએ ધ્યાનમાં આવે છે કે એમના ઘણાં બધાં લખાણો પત્ર લેખકોને ઉત્તરરૂપે લખાયેલાં છે. પ્રજાના પ્રશ્નોના પરિચય એમને એમાંથી થતો હતો. અને તેના જવાબો દ્વારા તેઓ પ્રજાના વિચારો તંદુરસ્તી, રચનાત્મક માર્ગે વાળતાં હતા. એમને કદી પણ પત્ર લેખકની ઉપેક્ષા, મશ્કરી અવજ્ઞા કરી નથી. વિરોધીઓના લખાણો પણ પોતે છાપતાં અને તેની વિગતે સ્વસ્થતાથી જવાબ આપતા. આ વાસ્તુ એકને લોકમત ઘડવામાં ખુબ ઉપયોગી થતી.’ આ વાત વાચકોને પત્રો એટલે અભિવ્યક્તિ આગિયા શિર્ષકવાળા લેખમાં દિવ્યેશ વ્યાસે કરી છે.

ચર્ચાપત્ર કે મરચાંપત્ર ? એવા પ્રશ્નાર્થ સાથે જાણીતા પત્રકાર, તંત્રી સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા ચર્ચાપત્રના વિશેષજ્ઞોની નજરેમાં જાણીતા હાસ્યકારો અશોક દવે, તારક મહેતા સાથે વરિષ્ઠ લેખક રમણ પાઠકનો લેખ પણ ‘મંદારિકા પાઠક’ અંગે છે, સામીક્ષ-કોમાં બીના મિશ્રા, યશવંત દોશી, દિલીપ ચંદુલાલ, જયંત પીઠવાડિયા અને નરેન્દ્ર પટેલના લેખો મળે છે. તો ચર્ચાપત્રીઓની નજરે વિભાગમાં નરેશ ઉમરીગર, ડૉ.બીં.ટી. ત્રિવેદી, ઉત્તમ પરમાર, ફિરોઝ ડી.ગાર્ડ, બાલકૃષ્ણ જી.વડનેરે, ગિરીશ પટેલ, સંજય શ્રીપાટ ભાવેના લેખો છે. સ્મણાંજલી વિભાગમાં રજનીકાંત જોષીને સ્મરણાંજલી આપતાં લેખોમાં તરૂણ દત્તાણી, ઓમ પ્રકાશ ઉદાસી, કુમુદભાઈ બક્ષી, દેવહુમા, રાધેશ્યામ શર્મા, મોહનલાલ વાઘેલા,‘પ્રયાસી’ મુગટલાલ બાવીસી, ડૉ.વિજય વી. પરમાર, ડૉ. પ્રતિભા ગજીવાલા, વિગેરેના લેખો મળે છે.

‘પાંચમી જાગીર’ પુસ્તકના બંને સંપાદકો વર્ષોથી આ ક્ષેત્રે કાર્યરત છે. ડંકેશઓઝાનો મારો  પરિચય ‘ઓપન ફોરમ’ સામાયિક દ્વારા થયેલો. ચંદુ મહેરિયાએ ૧૯૮૪ માં ચર્ચાપત્રી-પરિષદ કરેલી તે સમયની આ વાત. જ્યારે કુમારેશ ત્રિવેદીનાં પણ ચર્ચાપત્ર સંગ્રહનાં બે પુસ્તકો ‘પ્રસ્થાન’ અને ‘મનુથી મહાત્મા’ પ્રકાશિત થયાં છે. સુંદર રંગીન તસ્વીરો સાથેનું પાંચમી જાગીરથી અવગત કરાવતું આ પુસ્તક વાંચતા અનેક લોકોને ચર્ચાપત્ર લખવાની પ્રેરણા પુરૂ પાડે તેવું છે. તે માટે સંપાદકોને ધન્યવાદને પાઠવું છું.

**નટવર હેડાઉ**

## રાધનપુરમાં નાલંદા વિદ્યાલયના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં નાલંદા વિદ્યાલય ખાતે ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને માર્ચ-૨૦૧૮ ની વાર્ષિક પરીક્ષા માટે શુભેચ્છા પાઠવવા માટે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાય જણાવ્યા હતા,અને શિક્ષણમાં સિદ્ધિ મેળવેલ તેમજ નિયમિત વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં સારા માર્કર્સ મેળવે અને જીવનમાં તમામ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## ૫૦ વર્ષીય મહિલાએ કેરોસીન છાંટીને અગ્નિસ્નાન કરતા ખળભળાટ

મહેસાણા

મહેસાણામાં આધેડ મહિલાએ પોતાની જાત જલાવીને આત્મહત્યા કરી હોવાની ઘટના બની છે. મળતી માહિતી પ્રમાણે મહેસાણા શહેરના રાધનપુર રોડ ઉપર આવેલી એક સોસાયટીમાં સોમવારે સવારે આ ઘટના બની હતી. પરિવારજનો તરફથી માનસિક ત્રાસ મળતો હોવાના કારણે ૫૦ વર્ષીય મહિલાએ પોતાના શરીર ઉપર કેરોસીન છાંટીને દિવાસળી ચાંપી હતી. આ ઘટનાના પગલે મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાના કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ સાથે ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જ્યારે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે મહિલાના મૃતદેહને પીએમ માટે મોકલી આપીને આગળની કામગીરી હાથધરી હતી.

## ન્યુઝીલેન્ડ-ઈંગ્લેન્ડની વચ્ચે ચોથી વનડેને લઈ રોમાંચ

ડ્યુનેડિન

ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ વનડે મેચોની શ્રેણીની ચોથી મેચ આવતીકાલે ડ્યુનેડિન ખાતે રમાનાર છે. આને લઈને સ્થાનિક ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઘરઆંગણે ન્યુઝીલેન્ડ પર હાલ શ્રેણી બચાવી લેવાનુ દબાણ દેખાઈ રહ્યુ છે. બીજી બાજુ ઈંગ્લેન્ડ શ્રેણીને જીતી લેવા માટે સજ્જ છે. વેલિંગ્ટનમાં ત્રીજી માર્ચના દિવસે રમાયેલી ત્રીજી વનડે મેચમાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડ ઉપર માત્ર ચાર રને જીત મેળવી હતી. આની સાથે જ વનડે શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવી લીધી હતી. ન્યુઝીલેન્ડના કેપ્ટન વિલિયમસને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ઈંગ્લેન્ડની ટીમે નિર્ધારિત ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૩૪ રન કર્યા હતા. જીતવા માટેના ૨૩૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડની ટીમ આઠ વિકેટે ૨૩૦ રન જ બનાવી શકી હતી. ન્યુઝીલેન્ડ તરફથી કેપ્ટન વિલિયમસને ૧૧૨ રન કર્યા હતા જેમાં છ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. તે પહેલા ૨૮મી ફેબ્રુઆરીના દિવસે માઉન્ટ ખાતે રમાયેલી વનડે શ્રેણીની બીજી વનડે મેચમાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડ ઉપર સરળ જીત મેળવી હતી. ૭૩ રન ફેંકવાના બાકી હતા ત્યારે જ ઈંગ્લેન્ડે જીત મેળવી લીધી હતી. આની સાથે જ આ શ્રેણી ૧-૧થી બરોબર થઈ ગઈ છે. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડની ટીમ ૪૯.૪ ઓવરમાં ૨૨૩ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **પાલનપુર** | રાજગરો | ૬૦૦-૭૭૫ |
| ઘઉં | ૩૨૨-૩૬૪ | બાજરી | ૨૪૫-૨૫૮ |
| બાજરી | ૨૩૬-૨૬૨ | ઘઉં | ૩૧૬ |
| એરંડા | ૭૭૦-૭૯૦ | ગવાર | ૭૭૦ |
| રાયડો | ૬૨૫-૭૦૪ | જીરૂ | ૨૫૫૧-૨૭૦૦ |
| વરીયાળી | ૧૧૦૦-૨૨૦૦ | | **ધાનેરા** |
| રાજગરો | ૫૦૦-૮૧૫ | ઘઉં | ૩૩૬-૩૮૦ |
| જવ | ૩૦૦-૩૦૬ | બાજરી | ૨૫૭ |
| | **સિદ્ધપુર** | ગવાર | ૭૬૨-૮૧૧ |
| રાયડો | ૬૦૦-૭૫૦ | રાયડો | ૬૫૦-૭૩૩ |
| એરંડા | ૭૭૦-૮૦૨ | એરંડા | ૭૭૫-૭૮૭ |
| ગવાર | ૭૫૦-૮૦૬ | જીરૂ | ૨૫૦૧-૨૭૦૦ |
| ઘઉં | ૩૨૦-૩૯૭ | તલ | ૧૩૮૦ |
| બાજરી | ૨૦૩-૨૬૦ | રાજગરો | ૬૮૧-૭૬૬ |
| જુવાર | ૮૭૫-૯૦૦ | અન્ય | ૭૩૦ |
| કપાસ | ૭૫૦-૧૦૩૭ | | **પાટણ** |
| | **થરા** | જીરૂ | ૨૦૦૫-૨૭૯૨ |
| જીરૂ | ૨૨૦૦-૩૦૦૦ | વરીયાળી | ૧૧૦૦-૧૫૦૦ |
| એરંડા | ૭૮૫-૭૯૫ | મેથી | ૫૧૧ |
| રાયડો | ૬૫૦-૭૨૬ | સુવા | ૯૦૪-૯૩૧ |
| ઘઉં | ૩૧૪-૩૩૪ | રાયડો | ૬૫૦-૭૩૮ |
| બાજરી | ૨૪૦-૨૬૨ | એરંડા | ૭૭૦-૭૯૯ |
| અડદ | ૬૨૦-૬૬૪ | ઘઉં | ૩૩૦-૩૬૪ |
| તલ | ૧૩૯૫ | બાજરી | ૨૨૦-૨૬૪ |
| | **ભીલડી** | અડદ | ૬૦૦-૭૭૫ |
| એરંડા | ૭૭૦-૭૮૦ | ગવાર | ૭૪૦-૭૯૧ |
| રાયડો | ૬૪૦-૭૧૦ | કપાસ | ૮૬૦-૧૦૪૦ |

# સમીના રાફુ ગામના લોકો બે માસથી પીવાના પાણીથી વંચિત

હારિજ

સરકારની જાહેરાતો પાણીના રેલાની જેમ રેલાય છે. પરંતુ વઢીયાર વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા ગંભીર બની રહેવા પામી છે.

સમી તાલુકાના રાફૂ ગામે પંચાયતનો બોર છેલ્લા બે માસથી ફેઈલ થયો છે અને બે ત્રણ માસમાં રિપેર થઈ શકે તેમ નથી. ત્યારે ગ્રામજનોને પીવાના પાણીની મુશ્કેલી સર્જાઈ છે. જોકે ગામના એક જ બોર માલિક દ્વારા ગ્રામજનોને પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. કેટલાક પરિવારમાં તો પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં ન આવતાં બાળકોને પાણી માટે રઝળપાટ કરવી પડે છે. તેથી તેમનો અભ્યાસ પણ બગડે છે.

સમીના વેડ ગામે છેલ્લા ઘણા સમયથી પાણી આવતું નથી. અહીં આવતુ બોરનું પાણી એલર્જી પેદા કરે છે, પાણી વાપરવામાં આવતા ચામડીનો રોગ થાય છે. બોરનું પાણી ટેસ્ટીંગ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# સાસરિયા તાળુ મારી પલાયન થતા પરણીતાને ઘરની બહાર રહેવાનો વારો

કડી

લગ્નના હક્કો પુનઃસ્થાપન કરવા માટે કલોલની યુવતી કડીમાં સાસરીના ઘરની બહાર બીસ્તરા પોટલા સાથે જંગે ચઢી છે. કડી પોલીસ યુવતીને રક્ષણ આપવાની જગ્યાએ સાસરીઓને સહકાર આપી રહી છે. સાસરીયાઓ વહુને ઘરની બહાર રાખવા માટે ઘરે ખંભાતી તાળા મારીને ચાલ્યા ગયા છે. હવે યુવતીને લગ્નના હક્ક પુનઃસ્થાપન થઈ શકશે કે કેમ તે પ્રશ્નાર્થ થઈ રહ્યો છે. શુ કોર્ટે કરેલા હુકમનો અમલ પોલીસે કેમ કરાવી શકે નહીં તે પ્રશ્નો લોક મુખે ચર્ચાઈ રહ્યો છે.

કલોલ સરદાર પટેલ સોસાયટીમાં રહેતી ડિમ્પલ અશોકભાઈ પટેલના લગ્ન જ્ઞાતિના રિવાજ મુજબ કડીના થોળ રોડ પર આવેલી જયરણછોડ સોસાયટીમાં મૂળ રહેતા અને લંડન સ્થાયી થયેલા બ્રિજેશ અશોકભાઈ સાથે ગત તા. ૮-૧૦-૨૦૧૧ના રોજ થયા હતા. લગ્નના બે વર્ષ સાસરીપક્ષ દ્વારા સારી રીતે રાખતા હતા અને એક પુત્રનો જન્મ થયો હતો. આ પછી અચાનક બ્રિજેશ અને પરિવારજનો નાની-નાની બાબતોમાં ડિમ્પલને ઠપકો આપીને મારતા હતા.ડિમ્પલનું લગ્ન જીવન બગડે નહીં એટલે ચૂપચાપ સહન કરતી હતી.પછી બ્રજેશ અને તેના પરિવારજનોએ ડિમ્પલને ઘરમાંથી કાઢી મુકતા તે પિયર રહેવા ચાલી ગઈ હતી.

બે વર્ષ સુધી પતિ અને બાળકની રાહ જોઈને બેસેલી ડિમ્પલે સાસરીનો સપર્ક કરવાનો પ્રયાસ કરતા મળવાનો ઈક્રાર કરી દીધો હતો. જેથી અરજદાર( ડિમ્પલ)ને લગ્નના હક્કો પુનઃસ્થાપન કરવા હક્કદાર બનતી હોવાનું ૨જી એપ્રિલ ૨૦૧૬ના રોજ ઠરાવ્યું હતું.બાદ ડિમ્પલ પટેલે પોલીસમાં અરજી કરી હતી. જેની જાણ થતા સાસરિયા ખંભાતી તાળુ મારી પલાયન થઈ ગયા હતા. બીજી તરફ પતિ અને સાસરીયાઓને પાઠ ભણાવવા માટે જંગે ચઢેલી ડિમ્પલ ૨૨મી ફેબ્રુઆરીથી સાસરીના ઘરની બહાર બિસ્તરા પોટલા સાથે એકલી રહે છે.

# વિસનગરના વડુમાં સામાન્ય બાબતે નવ શખ્સોનો મહિલા પર હુમલો

મહેસાણા

વિસનગર તાલુકાના વડુ ગામે ઠાકોરવાસમાં એક મહિલાને તારો પતિ ક્યાં છે ? તેમ કહી ૯ જેટલા શખ્સોએ હુમલો કરી માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મહિલાએ વિસનગર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર વિસનગર તાલુકાના વડુ ગામે આવેલા ઠાકોરવાસ પરામાં રહેતા ઠાકોર જ્યોત્સનાબેન વસંતજીએ પોલીસમાં નોંધાયેલ ફરિયાદ મુજબ વડુ ગામના જ ઠાકોર ભલાજી મણાજી, ઠાકોર કનુજી પરબતજી સહિત નવ જણાએ એક સંપ થઈ જ્યોત્સનાબેનના ઘરે આવી કહેલ કે તારો પતિ ક્યાં છે ? તેમ જણાવી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મહિલાએ વિસનગર તાલુકા પોલીસ મથકે નવ જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

# બોમ્બ બ્લાસ્ટમાં પિતાને ગુમાવનાર દીકરી છાંપા વહેંચી ૩ ભાઈ-બહેનનું પોષણ કરે છે

મહેસાણા

ગોઝારિયા નજીકના ખરણા ગામના પરમાર પરિવારે વર્ષ ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ઘરનો મોભી ગુમાવ્યો. મોભીની જગ્યા માંડ માતાએ સંભાળી અને પરિવાર ફરીથી જીંદગીની પટરી દોડતો થયો ત્યાં તો માતાની હત્યા થતાં ૧૯ વર્ષિની નાની ઉંમરે પુજા પરમારે બે ભાઈ, એક બહેન અને વૃધ્ધ દાદીના ગુજરાનની દોર સંભાળી. ખાનગી કંપનીની નોકરીથી પુજા માત્ર પરિવારને માત્ર બે સમયનું ભોજન આપી શકતી હતી. ત્રણેય ભાઈ-બહેનને પગભર કરવાના સ્વપ્નને સાકાર કરવા કંપનીની નોકરી છોડી ગામમાં સવારે છાપા નાખી અને બાકીના સમયે નોકરી શરૂ કરી.

ખરણા ગામના વણકરવાસમાં માત્ર એક રૂમમાં રહેતા સાત સભ્યોના પરિવારના પરષોત્તમભાઈ પરમારે વર્ષ-૨૦૦૮માં બોમ્બ બ્લાસ્ટમાં જીવ ગુમાવ્યા બાદ તેમના પત્ની મીનાબેને ઘરની દોર સંભાળી પરંતુ માંડ પાંચ વર્ષ વિત્યા ત્યાં તેમની પણ હત્યા થઈ ગઈ. જેને લઈ ૧૯ વર્ષિય પુજા માથે તેનાથી નાના ૧૪ વર્ષીય જીજ્ઞેશ, ૧૨ વર્ષિય કિંજલ, ૯ વર્ષિય ભાવીક સાથે વૃધ્ધ દાદીનું ગુજરાન ચલાવવાની જવાબદારી આવી.

શરૂઆતમાં પરિવારનું ગુજરાન ચલાવવા ખાનગી કંપનીમાં નોકરી શરૂ કરી, પરંતુ નોકરીમાંથી મળતો પગાર માત્ર પરિવારને બે સમયનું ભોજન આપવા પુરતો હતો. ભાઈ-બહેનને ભણાવવા હોઈ તેણીએ કંપનીની નોકરી છોડી દીધી અને ગામમાં ઘરે ઘરે જઈને છાપા નાખવાનું શરૂ કર્યું. છાપા નાખ્યા બાદ મળતા સમયમાં નોકરી શરૂ કરી. હાલ પુજાના બે ભાઈ ગાંધીનગરની ખાનગી સ્કૂલમાં અભ્યાસ કરે છે તેમની પાછળ દર વર્ષ છ-છ હજારનો ખર્ચનો ભોગવે છે. નાની બહેનને પોતાની પાસે રાખી અભ્યાસ કરાવે છે.

**મારે તો મારા ભાઈ-બહેનોને ભણાવવા છેઃ પુજા**

**સવારે ૬.૧૫ કલાકે ગામના સ્ટેન્ડ પરથી છાપા લેવા જાઉ છું, ત્યાર બાદ ગામમાં સાઈકલ પર ઘરે ઘરે જઈ છાપાં નાખુ છું. શરૂઆતના સમયમાં મોટાભાગના લોકો કહેતા કે વાહ બેટા કાંઈ કામકાજ હોય તો કહેજે. તો કેટલાક લોકો સંભાળવતા કે છોકરીની જાતને આ ના શોભે. કોઈ શું કહે છે એનાથી મને કોઈ ફરક નથી પડતો. મારે તો મારા ભાઈ-બહેનોને ભણાવા-ગણાવા છે, પુજાનો ભાઈ જીજ્ઞેશ પણ વેકેશનમાં કામે જઈ બહેનને મદદરૂપ બનશે.**

# પાટણની ઘટના બાદ ઉ.ગુજરાતમાં આત્મવિલોપનની ૫૦ અરજીઓ આવી

મહેસાણા

પાટણ કચેરીએ જમીનના મુદ્દે ન્યાય મેળવવા થયેલા અગ્નિકાંડને પગલે ઉ.ગુજરાતમાં આત્મવિલોપનની ચીમકીનું જાણે ઘોડાપુર આવ્યું હોય તેવું જણાય છે. જેમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ૫૦ થી વધુ અરજદારોએ વિવિધ પ્રકારના પ્રશ્નોને લઈ સળગી જવાની ચીમકી આપતાં જિલ્લા તંત્ર હરકતમાં આવી ગયું છે. કેટલીક અરજીઓમાં તંત્રની ભૂમિકા જ નથી. જ્યારે કેટલાકે સરકારી રાહત માટે ન્યાયની માંગણી કરી છે.

દર મહિને સ્વાગત મારફત રજુ થતા પ્રશ્નો હવે આત્મ વિલોપનની ચિમકી સ્વરૂપે આવી રહ્યાનું ચિત્ર સામે આવ્યું છે. પાટણ અગ્નિકાંડની ઘટના બાદ ઝડપથી ન્યાયની અપેક્ષામાં મહેસાણા જિલ્લામાં ૨૦, પાટણ જિલ્લામાં ૧૮, બનાસકાંઠામાં ૧૪ સહિત ૫૦ થી વધુ અરજદારોએ આત્મ વિલોપન કરવાની ચિમકી આપી છે.

આત્મ વિલોપનની ચિમકીના પગલે ઉપરોક્ત ત્રણે જિલ્લામાં તંત્ર એક એક અરજીના અભ્યાસમાં લાગ્યું છે. ૫૦ માંથી ૨૦ જેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.

# હારિજના ખાખડી ગામની સગીરાને લગ્નની લાલચ આપીને કાઠીના યુવાને દુષ્કર્મ આચર્યું

હારિજ

હારિજ તાલુકાના ખાખડી ગામે ઠાકોર પરિવારની ૧૭ વર્ષની દીકરીને કાઠી ગામના શખસે લગ્નની લાલચ આપી ખેતરમાં લઈ જઈ બરજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. આ સગીરાની માતાએ શખસ સામે ફરિયાદ નોંધાવી હતી.

હારિજ તાલુકાના ખાખડી ગામે રહેતાં ઠાકોર પરિવારની ૧૭ વર્ષની દીકરીને હારીજ તાલુકાના કાઠી ગામનો ઠાકોર શૈલેષજી ચીનાંજી નામનો યુવાન તારીખ ૧ લી માર્ચના રોજ સવારે લગ્ન કરવાની લાલચ આપીને ફોસલાવી તેના બાઈક પર ખાખડી ગામની કેનાલની બાજુમાં આવેલા એરડાનાં ખેતરમાં લઈ જઈ તેની મરજી વિરૂદ્ધ બળજબરીથી શરીર સુખ માણી ફરાર થઈ ગયો હતો ત્યારે આ બનાવને લઈ તે સમયે સમાજમાં આબરૂ જવાની બીકે ભોગ બનેલી દીકરીના પરિવારજનો દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવેલ ન હતી પરંતુ બળજબરી પૂર્વક અને લગ્નની લાલચ આપીને પોતાની દીકરીની જીંદગી બરબાદ કરનાર યુવાનને સબક શીખવાડવા ભોગ બનેલી દીકરીની માતા અનિતાબેન પ્રહલાદજી ઠાકોર દ્વારા તારીખ ૭મી માર્ચના રોજ હારિજ પોલીસ મથકે શૈલેષજી ચીનાજી ઠાકોર રહે .કાઠી તાલુકો હારિજ વાળા સામે પોલીસ ફરિયાદ દાખલ કરાવતા હારીજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ રાધનપુર ( કેમ્પ સમી)નાં સર્કલ પો.ઈન્સ.ડી એચ ઝાલા ચલાવી રહ્યા છે.

# પાટણમાં રજવાડા વખતની "બારોટની વાવ" ની સ્વચ્છતા કરવા શહેરીજનોની માંગ

પાટણ

પાટણમાં દામાજીરાવ બાગ નજીક આવેલા પુરાણી પત્થરની બનેલી બારોટની વાવની સફાઈ કરવા આ વિસ્તારના લોકોની માંગ ઉઠી છે. આ વિસ્તારની સફાઈ કરવામાં આવે અને વાવનું રિપેરીંગ કરી પત્થરની દિવાલોની સાફ સફાઈ કરવામાં આવે તો શહેરીજનોને હરવા ફરવાનું વધુ એક સ્થળ પ્રાપ્ત થઈ શકે.

રજવાડા વખતની બનેલી આ બારોટની વાવમાં ચોમાસામાં પાણી ભરાય છે ત્યારે આકર્ષક લાગે છે. પીવાના પાણીની કટોકટી સર્જાતી હતી ત્યારે લોકો વાવના પાણીનો ઉપયોગ કરતા હતા. વાવની અંદર કોઈ જીવજંતુ ભરાયા હોય તો તેનો નિકાલ કરી પાલિકા દ્વારા સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

અત્રે નોંધવું ઘટે કે વાવ નજીક આવેલા સિધ્ધનાથ મહાદેવ મંદિર પરીસરમાં દર વર્ષે દિવાળીમાં ભરાતા મેળા દરમ્યાન અનેક લોકો બારોટની વાવ જોવા જતા હોય છે પરંતુ વાવ આસપાસ ગંદકી ખડકાતા લોકોમાં આક્રોશ જોવા મળે છે.

# મહેસાણામાં નવા રિક્ષા સ્ટેન્ડ ફાળવવા નાયબ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

મહેસાણા

મહેસાણા શહેરનો દિવસેને દિવસે વ્યાપ વધી રહ્યો છે અને જનસંખ્યામાં પણ વધારો થયો છે. ત્યારે તેની સાથે તંત્ર દ્વારા ફાળવવામાં આવતાં રિક્ષા સ્ટેન્ડોની ગણતરી માત્ર ગણી ગાંઠી છે. ત્યારે તે પૈકી કેટલાક રિક્ષા સ્ટેન્ડો આગળ ખાનગી વાહનોના અડીંગા હોવાથી રિક્ષા ચાલકો પરેશાન થઈ રહ્યા છે. શહેરમાં નવા ૬૧ જેટલા સ્ટેન્ડો ફાળવવા અને સ્ટેન્ડો આગળના દબાણો દૂર કરતા નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે

શહેરમાં છેલ્લા ૧૮ વર્ષથી નવીન રિક્ષા સ્ટેન્ડ વહીવટી તંત્ર દ્વારા ફાળવાયા નથી. જેથી રીક્ષા સ્ટેન્ડના અભાવે રિક્ષા ચાલકોનેરોડ ઉપર ઉભા રહી ધંધો કરવો પડતો હોવાથી ટ્રાફિક જામતા દ્રશ્યો જોવા મળે છે. રિક્ષા એસોસિએશને આ બાબતે અગાઉ કલેકટર સમક્ષ રજુઆત કરી હતી તેમ છતાં માગણી સંતોષવામાં ન આવતાં રિક્ષા એસો. ના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને પ્રતિનિધિ મંડળે નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલને રૂબરૂ મળી લેખિતમાં રજૂઆત કરી હતી.

# રાજસ્થાનના રાજયપાલ કલ્યાણસિંહને સ્વાઈન ફલુ

નવીદિલ્હી

સ્વાઈન ફલુની રોકથામ માટે કેન્દ્ર અને રાજય સરકારો મોટા મોટા દાવા કરી રહી છે પરંતુ આ વખતે રાજસ્થાનના રાજયપાલ કલ્યાણસિંહ જ તેની ચપેટમાં આવી ગયા છે જયપુરના રાજભવનમાં ડોકટરોની ટીમે ચેકઅપ બાદ રાજયપાલ કલ્યાણસિંહને સ્વાઈન ફલુથી ગ્રસ્ત હોવાની પુષ્ટી કરી હતી ત્યારબાદ રાજયપાલને દિલ્હીની એપોલો હોસ્પિટલલમાં ખસેડવામાં આવ્યા હતાં ગઈકાલે રાતે વિશેષ વિમાનમાં રાજયપાલને અહીં લાવવામાં આવ્યા હતાં.

હોસ્પિટલના સુત્રોએ જણાવ્યું હતું કે ડોકટરોની ટીમે રાજયપાલના નવેસરથી નમુના લીધા છે જો કે રાજભવન સહિત ચિકિત્સા વિભાગના તમામ અધિકારી રાજયપાલને સ્વાઈન ફલુની પુષ્ટિ કરવાથી બચી રહ્યાં છે અને મામલામાં ચુપકીદી સાધી છે.રાજયપાલના ઓએસડી અજય શંકર પાંડે પણ આ મામલામાં કોઈ માહિતી આપી ન હતી.

## બસપા બાદ રાલોદ પણ સપાના ઉમેદવારને સમર્થન આપશે

લખનૌ

ઉત્તરપ્રદેશમાં લોકસભાની બે બેઠકો પર ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને ઘેરવામાં વિરોધી પક્ષ એક સાથે આવી રહ્યાં છે.અલ્હાબાદના ફુલપુર તથા ગોરખપુર લોકસભા પેટાચુંટણીમાં હવે રાષ્ટ્રીય લોકદળ પણ સમાજવાદી પાર્ટીના ઉમેદવારને સમર્થન કરશે

ગોરખપુર તથા ફુલપુર લોકસભાની પેટાચુંટણીમાં ભાજપના ઉમેદવારકની વિરૂધ્ધ સમાજવાદી પાર્ટી તથા કોંગ્રેસે પોત પોતાના ઉમેદવારને ઉતાર્યા છે.બસપાએ સપાના ઉમેદવારને પોતાનું સમર્થન આપવાની જાહેરાત કરી હતી ત્યારબાદ હવે રાષ્ટ્રીય લોકદળમાં પણ ફુલપુર તથા ગોરખપુરમાં સપાના ઉમેદવારને પોતાનું સમર્થન આપવાની જાહેરાત કરી છે. આ સાથે જ રાજદે વિધાન પરિષદ અને રાજયસભા ચુંટણીમાં સપા અને બસપાના ઉમેદવારોને પોતાનું સમર્થન આપવાની જાહેરાત કરી છે.

## રાધનપુર તાલુકાના ગોતરકામાં અઢી કરોડના ખર્ચે દ્વારકાધીશનું મંદિર બનશે

રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકા ગામે ૬૦૦ વર્ષ પૌરાણિક શ્રી સ્વામીજી ગુરૂગાદી આસનધામમાં અઢી કરોડના ખર્ચે ૫૧ સ્તંભ ઉપર એક ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવનાર છે.વર્તમાન ગોતરકા ગુરુ ગાદીપતિ પરમપૂજ્ય સ્વામીજી મહારાજે મંગળવારે તમામ સમાજના અગ્રણીઓની એક બેઠક બોલાવીને દ્વારકાધીશ અને સ્વામીજી મહારાજના ભવ્ય મંદિરના નિર્માણ માટે રામકથાનું આયોજન કરવામાં આવનાર છે,જે અંગે ૨૬ સદસ્યોની એક કમિટી બનાવવામાં આવી હતી.આ કમિટી રામકથાના સમગ્ર આયોજન ઉપર સક્રિય ભૂમિકા


કમલ ચક્રવર્તી

ભજવશે.વૈશાખ સુદ સાતમને ૭ મે ના રોજ રામકથાનો પ્રારંભ થશે અને વૈશાખ વદ અમાસના દિવસે પુર્ણાહુતી કરવામાં આવનાર છે.આ પ્રસંગે પોથીયાત્રા,દીપ પ્રાગટ્ય,શ્રીરામ જન્મ,ધનુષ્યભંગ,શ્રીરામ વિવાહ,ભારતપાદુકા,શબરીમાતા,રામેશ્વર સ્થાપના અને શ્રીરામ રાજ્ય અભિષેક જેવા ધર્મસભર પ્રસંગો પ્રસ્તુત કરવામાં આવનાર છે.કથાના શુભારંભે ૧૦૮ પોથીની ભવ્યયાત્રાનું પણ આયોજન કરવામાં આવનાર છે.આ ભવ્ય મંદિરના નિર્માણમાં મુંબઈ,સુરત,નડિયાદ,અમદાવાદ,પાલનપુર,ડીસા,સમગ્ર ઉત્તર ગુજરાત તેમજ દેશના અન્ય ભાગોમાં રહેતા ભક્તજનો તરફથી દાનની સરવાણી વહી રહી છે.જયારે સ્થાનિક ભક્તોએ અને કમિટીના સદસ્યોએ પણ ગામે-ગામ ફરીને મંદિરના નિર્માણ માટે ફાળો એકત્ર કરવામાં આવનાર છે.૬૦૦ વર્ષ પૌરાણિક શ્રી સ્વામીજી ગુરૂગાદી આસનધામ એ સમગ્ર ઉત્તર ગુજરાતમાં સખી સંપ્રદાયનું એક માત્ર ધામ છે.